Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. સંવત ૨૦૦૩.

આત્મ સં. ૫૧

અંક ૭ મો. માહ : ફેબ્રુઆરી

પ્રકાશન તા. ૧-૨-૧૯૪૭

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | |
|---|---|---|
| ૧ શ્રાદ્ધ ભાવના ... ... | ... રચયિતા–મુનિ પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ) | ૧૦૭ |
| ૨ સામાન્ય જિન સ્તવન ... ... ... | ... મુનિશ્રી દક્ષવિજયજી | ૧૦૮ |
| ૩ નેમિજિન સ્તવન ... ... ... ... | મુનિશ્રી જયાનંદવિજયજી | ૧૦૮ |
| ૪ શ્રમણોપાસક ધર્મ ભાવના ... ... ... | ... શ્રી વિજયપદ્મસૂરિજી | ૧૦૯ |
| ૫ ન્યાય રત્નાવલિ ... ... ... ... | મુનિશ્રી ધુરંધરવિજયજી | ૧૧૩ |
| ૬ શ્રી હેમચંદ્રાચાર્યજીની જીવનઝરમર ... ... ... | મુનિરાજશ્રી ન્યાયવિજયજી | ૧૧૬ |
| ૭ ધર્મ-કૌશલ્ય (૧૭–૧૮–૧૯–૨૦)... ... ... ... | ... રા. મૌક્તિક | ૧૧૮ |
| ૮ પ્રત્યેક બુદ્ધ ... ... ... ... ... ... | રા. ચોકસી | ૧૨૨ |
| ૯ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી મહારાજ ) પ્રતિ ગુરૂભક્તોનું–કર્તવ્ય ... ... ... | ... મુનિરાજશ્રી સમુદ્રવિજયજી | ૧૨૪ |
| ૧૦ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | સભા | ૧૨૬ |
| ૧૧ જ્ઞાનગીતા શતક ... ... ... | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૨૬ |


## વાંચો–વિચારો– આત્મકલ્યાણ સાધો– જ્ઞાન ભક્તિ કરો–

## સ્થિતિસંપન્ન જૈન બન્ધુઓને એક નમ્ર સુચના—

રૂા. એકસોએક આપી આ સભાનું માનવંતા લાઈફ મેમ્બરનું સ્થાન મેળવી નવા નવા સુંદર પૂર્વાચાર્યોકૃત તીર્થંકર ભગવાનો, અન્ય ઉપકારી મહાન પુરૂષો અને આદર્શ સતી ચરિત્રો વાંચી પોતાનું અને બીજાઓને વંચાવી સ્વ પર કલ્યાણ સાધો.

અત્યાર સુધીમાં તે રીતે થયેલા પેટ્રન અને લાઇફ મેમ્બર જૈન બંધુઓએ લગભગ ૮૦ એંશી વિવિધ કથા ચરિત્ર વગેરેના ગ્રંથો શ્રી આદિનાથ પ્રભુ વગેરે સાત દેવાધિદેવોના બીજા મહાન પુરૂષોના અને સતી ચરિત્રો વગેરેના મળી મોટા ગ્રંથો ગમે તેટલી કિંમતનાં ( મફત ) ભેટ મેળવી જ્ઞાન ભક્તિ કરી, આત્મકલ્યાણ બને તેટલું સાધી સભા માટે આનંદ વ્યક્ત કર્યો છે, અને તે જાણી નવા નવા અન્ય જૈન બંધુઓ લાઇફ મેમ્બર પણ થતાં જાય છે.

હાલમાં **શ્રી સંઘપતિ** ચરિત્ર તથા શ્રી મહાવીર **યુગની મહાદેવીઓ** સચિત્ર પાંચસો ઉપરાંત પાનાના ઉપર પ્રમાણે નવા થનાર લાઇફ મેમ્બરને ગ્રંથો ભેટ ( મફત ) ધારા પ્રમાણે ચૈત્ર માસમાં આપવાના છે.

તે પછી છપાતાં **શ્રી પાર્શ્વનાથ** પ્રભુ ચરિત્ર તથા **શ્રી વસુદેવહિંડી** બે ભાગ મળી ત્રણ ગ્રંથો **એક હજાર પાનાના** મોટા, તે પછી **કથારત્નકોશ, શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર** સુમારે ૮૦૦ પાનાના ગ્રંથો છપાય છે. તે ભેટ મળશે, જેમ જેમ નવા નવા ગ્રંથો છપાતા જશે તેમ તેમ રૂા. ૧૦૧ ) એકસોને એક આપી નવા લાઇફ મેમ્બર થનારને પણ ભેટ મળશે. ઓછામાં ઓછા આઠથી દશ રૂપીઆના કિંમતના દરેક વખતના ગ્રંથોની કિંમત મુદ્દલ થવા જાય છે. આ આર્થિક દૃષ્ટિએ પણ સારામાં સારો લાભ લેવાય છે અને વાંચી આત્મિક આનંદ પણ મેળવાય છે.

( એકાવન રૂપીઆ આપી બીજા વર્ગમાં લાઇફ મેમ્બર થનારને તે દરેક ગ્રંથોની કિંમતમાંથી બે રૂપીઆ ભેટના મજરે આપી બાકીની રકમ તેમની પાસેથી લઇ તેમને પણ ભેટ અપાય છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | મહા | પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ ફેબ્રુઆરી :: | અંક ૭ મો.

## श्राद्ध-भावना ।

[ सिद्धान्तरत्निकास्थकारकप्रकरणस्योदाहरणयुक्ता ]

रचयिता-मुनि पूर्णानन्दविजय ( कुमारश्रमण )

सुखसंपत्तिषु स्वामी, प्रकृत्यैव सुशोभनः ।
यस्य प्रोक्तिः सदा श्रेष्ठा, स जिनः पातु नित्यशः ॥ ७ ॥

कर्माणि हतवानर्हन् !, तेन दोषास्तिरस्कृताः ।
देवानां पूजितो क्लेशं, सहमानो न संशयः ॥ ८ ॥

शासने तव हे स्वामिन् !, दन्तयोर्हन्ति कुञ्जरम् ।
मिथ्यत्वात् सो भवेत्याज्यः, भव्या हि शासने रताः ॥ ९ ॥

भवन्तं याचमानः शं, प्राणानां मोषिता परान् ।
त्वदन्यं न भजिष्यामि, शिलायैकस्त्यजेत् मणिं ॥१०॥

यदि चेत्वां भजे मासं, क्लेशे आयति सत्यपि ।
तदा योग्योऽस्मि मोक्षाय, प्रभावं ते ब्रवीमि किम् ?॥११॥

इतस्त्वं वर्तसे दूरं, मया दृष्टः कदापि न ।
आगच्छेश्चेत् मम स्वान्ते, सुन्दरमतिसुन्दरम् ॥ १२ ॥

निर्मलं शासनं शुद्धं, निष्पक्षं दोषभागहम् ।
भवान्तरेऽपि वाञ्छामि, विस्मार्यो न त्वया प्रभो ! ॥ १३ ॥

तव भक्तिभृता नाम्ना, पूर्णानन्देन विष्टरात् ।
रचिता जैनभक्ताय, भावना दुःखछेदिका ॥ १४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ઔપદેશિક

# સામાન્ય જિન સ્તવન

( રાગ–ઘરઘરમેં દિવાલી હૈ, મેરે ઘરમેં અંધેરા ).

આ દુનિયા તજી જીવડા ! જવાનું છે રે તારે,
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે ? ( ટેક ).

તન ધન ધામો ધરા સંધ્યા, વાદળ સમા ખરે,
ભગિની વળી ભાઇ કોઇ, સાથ ન ચલે અરે;
સ્વજન સૌ સ્વાર્થઘેલા, જૂઠા પ્રેમ વિસ્તારે
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે ? ( ૧ )

છે જિનજી તારનારા, ભવસિંધુથી આ વિશ્વના,
બેલી ખરા ગરીબના, નાયક સૌ દેવના;
પામીને આવા નાથ, પીલે સેવા–સુધા રે,
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે ? ( ૨ )

મમતા માનમાં મોંઘી, ગુમાવી જિંદગાની,
છેવટની સુધારી લે, શાણો બની હે ગુમાની;
**નેમ-લાવણ્યસૂરિનો, દક્ષ** કહે છે રે,
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે ? ( ૩ )

**મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ**

## શ્રી નેમ જિન સ્તવન

( જબ તુમહી ચલે પરદેશ––એ દેશી )

સુણ સ્વામી તું મારી વાત, ભમ્યો ભવ રાન;
મનમોહન પાયો, જિનવર તુજ ચરણે આયો. ૧

જ્યાં ચાર ચોરની ચોટ પડી, બાજી સઘળી મારી બગડી;
નહિ હાથ ચડે કોઇ પાથ હવે પસ્તાયો જિનવર૦ ૨

જ્યાં મોહ તિમિરનું જોર ઘણું, ત્યાં ભ્રમણ કરી બહુ દુ:ખ સહ્યું;
એ વાત કહું કોની પાસ હવે અકળાયો જિનવર૦ ૩

**શ્રી નેમિજિન** અન્ધાર હરો, મુજ અન્તર પૂર્ણ પ્રકાશ ભરો;
તુમ **દર્શન જય-આનંદ** કરી હરખાયો જિનવર૦ ૪

**મુનિ જયાનંદવિજયજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણોપાસક ધર્મભાવના

લેખક—આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

( અનુસંધાન ગતવર્ષના પૃ. ૨૧૯ થી શરૂ )

## "છઠ્ઠું દિશિપરિમાણ વ્રત"

## ( ગુણવ્રત પહેલું )

આ વ્રતમાં પૂર્વાદિ ચાર દિશામાં અને ઉપર નીચે અમુક યોજન વિગેરે સુધી જવા આવવાનો દેશથી નિયમ કરવો. જે દિશામાં જવા-આવવાની જરૂરિયાત ન જણાય તેનો સર્વથા ત્યાગ કરવો. આ નિયમ આખી જિંદગી સુધીનો કરવો. દરરોજ કરવાનો નિયમ દશમા વ્રતમાં જણાવીશ. પહાડ વિગેરેની ઉપર ચઢવા ઊતરવાની બીના ઊર્ધ્વદિશાના નિયમમાં આવે છે, અને અધો દિશાના નિયમમાં નીચાણવાળી જમીન( ભોંયરૂં વિગેરે )માં ઊતરવાની બીના સમજવી. યાત્રા નિમિત્તે કે ધાર્મિક કાર્ય નિમિત્તે તથા પરવશતાદિ કારણે નિયમ ઉપરાંત જવાય, અવાય, તેની જયણા. કાગળ, તાર, છાપા વાંચવાની, નિયમ ઉપરના દેશમાં પત્ર વિગેરે લખવાની કે માણસ મોકલવાની બાબતમાં જરૂરી જયણા રખાય.

"આ વ્રતના અતિચાર તજવાની બીના."

૧ વિસ્મરણાદિ કારણે ઊર્ધ્વદિશાના પ્રમાણથી અધિક જવું આવવું નહિ. ૨ અધો દિશાના પ્રમાણથી વધારે જવું આવવું નહિ. ૩ તિર્છા દિશાના (પૂર્વાદિ ચાર દિશાના) કરેલા પ્રમાણથી વધારે જવું આવવું નહિ. ૪ જે દિશામાં ધારેલા યોજનાદિથી વધારે યોજનાદિ પ્રમાણ જવું આવવું હોય, તેમાં બીજી દિશાના ધારેલ (પણ હાલ બીનજરૂરી જણાતા) યોજનાદિ નાંખીને ઇચ્છા મુજબ જવાય નહિ તેમ અવાય નહિ. ૫ વ્યાકુળતા વિગેરે કારણથી ધારેલું પ્રમાણ ભૂલી જાય, ને તેથી વધારે યોજનાદિ પ્રમાણ જવું આવવું કરાય નહિ. વિશેષ બીના શ્રી દેશવિરતિ જીવનમાંથી જાણવી.

## "૭ ભોગોપભોગ વિરમણવ્રત"

જે પદાર્થો એક વાર વપરાય તે ફૂલ વગેરે ભોગ શબ્દથી લેવા અને વારંવાર વપરાય, તે પદાર્થો ઉપભોગ તરીકે ગણાય છે. આવા પદાર્થો મારે અમુક પ્રમાણમાં વાપરવા આવી ધારણા (નિર્ણય) અહીં કરવી જોઇએ. જે પદાર્થો ન જ વપરાય, તેનો સર્વથા ત્યાગ કરવો, અને વાપરવાની ચીજોનું પ્રમાણ નક્કી કરવું. તેમાં ખાવાની ચીજોનો અને વ્યાપારમાં જરૂરી ચીજોનો પણ વિચાર કરીને યથાશક્તિ નિયમ કરી વિરતિનો લાભ લેવો.

આ વ્રતને અંગે ૧ સચિત્ત વસ્તુ ખાવાનો, ૨ માંસ-મદિરા-મધ-માખણ વગેરેનો, ૩ બાવીશ અભક્ષ્યનો, ૪ અનંતકાય કર્માદાન રાત્રિભોજન વગેરેનો ધારણા પ્રમાણે ત્યાગ કરવો, બરફથી બનેલા દૂધના આઇસક્રીમ વિગેરેનો પણ જરૂર ત્યાગ કરવો. આથી જીવદયા, આરોગ્યાદિ ઘણાં લાભ થાય છે. બની શકે ત્યાં સુધી સંથારે સૂવું, તેનો અભ્યાસ ચાલુ રાખવો, તેમાં ઘર, દુકાન વિગે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેમાં ગાદી પથારી પાથરણાં પાટ પાટલા ખાટલા વિગેરે તથા ખુરશી કોચ વિગેરે જ્યાં જે સાધન બેસવા વિગેરેમાં વપરાતું હોય, તેના પર બેસવા વિગેરેની જરૂરી જયણા રખાય. તથા પરવશતાદિ કારણે પણ જયણા રાખી શકાય.

અનાજની બાબતમાં-ઘઉં, બાજરી, ડાંગરની જાત, કોદરા, જુવાર, મકાઇ, તુવેર, મઠ, મગ, ચણા, વાલ, ચોખા, વટાણા, અડદ, તલ, મેથી, જવ, મસુર, લાંગ.

લીલોતરી—ભીંડા, કારેલાંની જાત, ટીંડોરા, ચોળાની સીંગની જાત, ગલકાં, મોઘરી, કોળું, પાપડી, તુવેર, સાંગરીયો, કંકોડાં, લીલાં મરચાં, પપઇયાં, કેળાંની જાત, નાળીએર, કોઠ, કેરીની જાત, સકરટેટી, તરબુચની જાત, મેથીની ભાજી, તાંદળજો, ધાણાની ભાજી, લીંબુની જાત વિગેરેમાં જરૂરી ચીજો છૂટી રાખી બાકીની ચીજોમાં નિયમ અને જયણા નક્કી કરવા. બાર વ્રતને ધારણ કરવાની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ એક માસની પાંચ કે દશ પર્વતિથિ (૨-૫-૮-૧૧-૧૪) માં તથા વરસની છ અઠ્ઠાઇના દિવસોમાં લીલોતરીનો ત્યાગ જરૂર કરવો જોઈએ. પર્વતિથિના દિવસે પાકાં કેળાં, કેરી, પોપૈયું વગેરેની બાબતમાં જરૂરિઆતનો વિચાર કરી જયણા રખાય. જીવાતવાળી સુકવણી ન જ વાપરવી.

દરરોજ ચૌદ નિયમ ધારવાનો ખપ કરૂં, ભૂલી જવાય તેની જયણા. ચૌદ નિયમનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે :-

**૧ સચિત્ત**—જરૂરિઆત પ્રમાણે વપરાશમાં આવતાં સચિત્ત પદાર્થોની સંખ્યા ધારવી.

**૨ દ્રવ્ય**—દરરોજ જરૂરિઆત પ્રમાણે અમુક સંખ્યામાં અચિત્ત દ્રવ્યો વાપરૂં. અહીં દ્રવ્યની સંખ્યા નક્કી કરવી.

**૩ વિગય**—છમાંથી દરરોજ એક કમી કરવી.

**૪ જોડા વિગેરે**—જોડા, મોજાં વગેરે અમુક સંખ્યા પ્રમાણ જોડ વાપરવાની છૂટી. નવા જોડા લેતી વખતે પહેરી જોવાની જયણા.

**૫ તંબોલ**—નાગરવેલના પાન વગેરેનું દરરોજ પ્રમાણ (૦। શેર વિગેરે) કરવું.

**૬ વસ્થ**—પહેરવાનાં ધોતીયાં, પંચીયાં, કોટ, કબજા, ખેસ, પાઘડી તથા ઓઢવા લાયક શાલ વિગેરે મળી અમુક નંગ (૫-૧૦ વિગેરે) દીન એકમાં વાપરવાં. પૂજાનાં ઉપકરણો, કપડાંની જયણા તથા જે દિવસે કપડાં બદલવાનાં હોય તે દિવસે બદલવાથી વધુ થાય તેની જયણા તથા પથારી, પાથરણામાં વપરાતાં કપડાંની જયણા, રોગાદિ કારણે અધિક વપરાય તેની જયણા.

**૭ ફૂલ**—ભોગાર્થે નિષેધ, ધર્માર્થે લાવવા આપવા તથા રોગાદિ કારણે કે સળેખમાદિમાં છીંકણી વગેરે સુંઘવાની જયણા તથા પરીક્ષાર્થે સુંઘવાની જયણા.

**૮ વાહન**—પરદેશ જતાં ગાડી, ઘોડા, વહાણ, આગબોટ, વિગેરેનો વિચાર કરીને નિર્ણય કરવો. સ્વઉપયોગે ઘેર રાખવાની જયણા તથા ભાડે કરવા કે સગાંસંબંધીના માગી લાવવાની જરૂર પ્રસંગે જયણા.

**૯ સયણ**—ગાદી, પથારી વિગેરે સૂવા બેસવાના સાધનો અમુક સંખ્યામાં વાપરવાનો નિર્ણય કરવો. તે ફાટે તૂટે ત્યારે નવા લાવવા કે સ્થાનાંતર જતાં નવી પથારી વિગેરે વાપરવાની જયણા. રોગાદિ કારણે વધારે પથારીઓ, વધુ પાથરણાવાળી વાપરવાની જયણા તથા પાટ, પાટલા, ખાટલા, ગાદી, પાથરણા, ઓટલા, ખુરશી વિગેરે બેસવાના સાધનો કારણે વધારે વાપરવાની જયણા.

**૧૦ વિલેપન**—અહીં ચોળવાની, ચોપડવાની ચીજોનું પરિમાણ નક્કી કરી બાકીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓનો ત્યાગ કરવો. રોગાદિ કારણે કે ખાસ વ્યવહારની ખાતર કોઇ જાતનું વિલેપન વિગેરે કરવું પડે તેની જયણા.

**૧૧ બ્રહ્મચર્ય**—પોતાની સ્ત્રીની બાબતમાં પર્વદિનાદિ તરફ લક્ષ્ય રાખીને કાયાથી અબ્રહ્મનો ધારણા મુજબ ત્યાગ કરવો. મન, વચન, સ્વપ્નાવસ્થાની જયણા.

**૧૨ દિશપ્રમાણ**—છઠ્ઠા વ્રતમાં આખી જિંદગીને અંગે જે દિશા વિગેરેમાં પણ જવા આવવાની મર્યાદા બાંધી છે, તેમાં સંકોચ કરીને અહીં દરરોજ છ દિશામાં અમુક યોજન, ગાઉ પ્રમાણ (૧૦-૧૫ યોજન-ગાઉ વિગેરે) જવા આવવાની છૂટ રાખવી. તે ઉપરાંત જવા આવવાનો ત્યાગ કરવો. આમ કરવાથી આરંભાદિનું પાપ ઓછું લાગે છે. સંતોષમય જીવન બને છે. નિરાંતે ધર્મારાધન કરી આત્મહિત સાધી શકાય છે.

**૧૩ સ્નાન**—એક દિવસમાં અમુક (એક, બે વાર વિગેરે) વખત સ્નાનાદિની છૂટી. ખાસ કારણે હાથ, પગ, માથું વિગેરે શરીરનો કોઇ પણ ભાગ ધોવો પડે તેની જયણા. લોકાચારે કે ધર્માર્થે નિયમ ઉપરાંત સ્નાનાદિની જયણા.

**૧૪ ભક્ત**—અહીં ખાવાના તથા પીવાના પદાર્થોનો વિચાર કરીને તે બંનેનું વજન નક્કી કરવું.

**૧૫ પૃથ્વીકાય**—એટલે પૃથ્વીરૂપ શરીરવાળા જીવો. અહીં તેના નિર્જીવ શરીરો પણ લેવા. તે માટી, મીઠું, સુરમો, ચુનો, ક્ષાર વિગેરે ખાવાની અને વાપરવાની અપેક્ષાએ અમુક વજન પ્રમાણ પૃથ્વીકાય વાપરું એમ નિર્ણય કરવો. તથા રોગાદિ ખાસ કારણે દવારૂપે વાપરવાની જરૂરી જયણા રખાય તથા લીંપવા વિગેરે ઘર કામ માટે કે નવા ઘર બાંધતા પૃથ્વીકાયાદિ લાવવા વાપરવાની જરૂરી જયણા રખાય.

**૧૬ અપ્કાય**—એટલે પાણીરૂપ શરીરવાળા જીવો. અહીં તેના નિર્જીવ શરીર પણ સમજવા. આમાં પાણી, બરફ વિગેરે પણ આવી જાય. એક મણ, બે મણ વિગેરે પ્રકારે વાપરવાના પાણીનું પ્રમાણ નક્કી કરવું. આમાં પીવાના પાણીનું પણ વજન ભેગું ગણવું. નિયમ, ધારનાર ભવ્ય જીવોએ પાણીની ચકલી તળે બેસી ન્હાવું નહિ. તેમજ બ્હોળા પાણીમાં (નદી વગેરે જલાશય) પડીને પણ ન્હાવું નહિ. વળી વાસણમાં પડીને ન્હાવું નહિ. પરંતુ વાસણમાં થોડું પાણી લઇને પરનાળવાળા બાજોઠ ઉપર બેસીને સ્નાનનું પાણી પરનાળની આગળ ગોઠવી રાખેલ ડોલ વિગેરેમાં પડે, તે રીતે સ્નાન કરવું. અને ન્હાયા પછી સ્નાનનું પાણી તડકે નિર્જીવ સ્થલે છૂટું છૂટું નાંખે એમાં જયણા જળવાય. પોતાના જમણવારાદિ પ્રસંગે તથા ઘર બાંધવામાં, આગ વિગેરે જરૂરી પ્રસંગે વધુ પાણી વાપરવાની જયણા.

**૧૭ તેઉકાય**—અહીં ચુલા, શગડી, લાકડાં, કોલસા કે ગ્યાસલેટ વિગેરેથી સળગતા ચૂલા ભઠ્ઠી વિગેરે અમુક સંખ્યામાં ધારવા. એટલે આજે એક બે પાંચ વિગેરે ચુલાની રસોઇ ખપે તથા જે રસોડે એટલે જેના ઘેર જમીએ તેના ઘરનો ધારણા પ્રમાણે એક જ ચુલો ગણવો.

**૧૮ વાયુકાય**—અહીં હિંચોલો, પંખા વિગેરે અમુક સંખ્યામાં ધારવા.

**૧૯ વનસ્પતિકાય**—એટલે લીલોતરી, શાકભાજી વિગેરે અમુક સંખ્યામાં આજે વાપરું એમ ધારવું. માંદગી વિગેરે કારણે વિલેપનાદિમાં વનસ્પતિ વાપરવાની જરૂરિયાત જણાય તેની જયણા.

**૨૦ ત્રસકાય**—જાણીબૂઝીને બીનગુનેગાર કોઇ પણ ત્રસ જીવને મારું નહિ. રોગાદિ પ્રસંગે દવા કરતાં ત્રસ જીવોના આરંભાદિ થાય, તેની જયણા.

**૨૧ અસિ**—કોશ, કોદાળા, પાવડા, કુહાડી, છરી, ચપ્પુ, કાતર, ઘંટી, ખાંડણી, ખાંડણીયા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુડી તથા સુતાર, કડીયા, લુહારાદિ કારીગરનાં ઓજારો તથા હથિયારમાં જરૂરિયાત પ્રમાણે અમુક સંખ્યામાં વાપરવાનો નિર્ણય કરવો. ભાંગ્યાતૂટ્યાં હથિયારો કે જે કામમાં આવે તેવા ન હોય, તે ઘરમાં પડ્યાં હોય તેની જયણા. ઘરમાં વપરાતાં હથિયાર, ઓજારો સગાં સ્નેહી કુટુંબીજનોને આપવાં પડે તેની જયણા. તેમજ જરૂરી પ્રસંગે વધુ માગી લાવવાં કે ભાડે લાવવાની તથા જૂના ચપ્પા વગેરે વેચી દેવાની જયણા.

ભાડે આપવા માટે કે વેચવા માટે વધુ બનાવવાં નહિ, તેમજ રાખવાં પણ નહિ.

**૨૨ મસી**—અહીં પેન્સીલ, કલમ વિગેરે આટલા ( બે-પાંચ વિગેરે ) વાપરવાનો નિર્ણય કરવો.

**૨૩ કૃષિ**—ખેતી કરીને આજીવિકા ચલાવવાનો ધંધો. અહીં ખેતીના કામમાં વપરાતાં હળ, કોશ, કોદાળી, પાવડા વિગેરેનો સંખ્યાથી નિયમ કરવો.

ઘર નવું બંધાવતાં પાયા વિગેરે ખોદાવવાં પડે તે તથા ભોંયરૂં ટાંકું કુવો દુરસ્ત કરાવતાં ખોદાવવું પડે તેની જયણા. તથા ખેતરમાં ફૂલફલાદિના ઝાડ છોડ રોપાવવા માટે ખોદાવવું પડે કે ઘર બાંધવા માટે જરૂરી માટી વિગેરે માટે ખોદાવવું પડે એ રીતે પોતાને માટે કે કુટુંબ વગેરેને માટે ખાસ જરૂરી કામ કરવાની જયણા. બનતાં સુધી ખાણો, કુવા વિગેરે ખોદાવવાનો વ્યાપાર કરવો નહિ પણ અનુકંપાએ, ધર્માર્થે કે નોકરીની પરાધીનતાને લઇને ખોદાવવા પડે કે મહાજન વિગેરે સમુદાયની ટીપમાં કાંઇ રકમ આપવી પડે, તેની જયણા રખાય. આ પ્રમાણે ચૌદ નિયમ ધારવાથી છકાયાદિનો નિયમ કરવાથી અવિરતિ દોષ ઓછો લાગે છે. શાંતિમય જીવન બને છે, ધર્મારાધન નિરાંતે થાય છે. આની વધુ બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી.

**ચાર જાતના આહારની જરૂરી ટૂંક બીના**

**૧ અશન**—અહીં સંપૂર્ણ તૃપ્તિના સાધનભૂત આહાર સમજવો. જેની વિગત ઉપર જણાવી છે તે અનાજ તથા મીઠાઇ વિગેરે ભક્ષ્ય પદાર્થોને હું દરરોજ ચૌદ નિયમ ધારતી વખતે જે પ્રમાણે અશનનો નિયમ લઉં, તે તે પ્રમાણે વાપરું એમ ધારી લેવું. વાશી, વિદળ-બોળો, કંદમૂળાદિ અભક્ષ્ય અને અનંતકાયાદિનો ત્યાગ કરવો.

**૨ પાન**—એટલે જે પીવાય, તે પ્રવાહી પદાર્થો લેવા. વ્રતધારી ભવ્ય શ્રાવકોએ પીવામાં ઉકાળેલું પાણી વાપરવું જોઇએ, તેથી ધાર્મિક, વ્યાવહારિક અને શારીરિક દૃષ્ટિએ બહુ જ લાભ થાય છે. અહીં શ્રાવકે ધારી લેવું કે ચૌદ નિયમ ધારતી વખતે ધારેલા નિયમ પ્રમાણે પ્રવાહી પદાર્થો વાપરું. તે સિવાય કૂવા, ટાંકાં, તળાવ, વાવ, કુંડ, નદી વિગેરે જળાશયો તથા વરસાદ તેમજ નળનું પાણી તથા દરિયાનું પાણી એ રીતે ખારૂં મીઠું પાણી ન્હાવા, લુગડાં ધોવાં વિગેરે માટે વાપરવાની જરૂરિયાત પ્રમાણે જયણા રખાય.

**૩ ખાદિમ**—અહીં શેકેલું અનાજ તથા ફળ, સુકો મેવો, બદામ, ખારેક, કાજુ, દ્રાક્ષ વિગેરે ગણાય. આ બાબતમાં શ્રાવકે નિર્ણય કરી લેવો કે ચૌદ નિયમ ધારતી વેળાએ ધાર્યા પ્રમાણે ખાદિમ વાપરૂં.

કાર્તિક ચોમાસાની શરૂઆતથી માંડીને ફાગણ ચોમાસાના અંત સુધી મેવો વપરાય અને આર્દ્રા નક્ષત્ર બેઠા પછી કેરી વપરાય નહીં.

**૪ સ્વાદિમ**—જાયફળ, એલચી, તજ, લવીંગ, મરી વિગેરે દરરોજ અમુક વજન પ્રમાણ વાપરૂં. એમ ધારી લેવું. વિશેષ બીના દેશવિરતિ જીવનમાં જણાવી છે.

• શ્રાવકે પંદર કર્માદાનના મહાઆરંભવાળા વેપાર ન કરવા જોઇએ. તેમાં આજીવિકાદિ કારણે ન છૂટકે કરવાની જરૂર જણાય, તો તેનો વિચાર કરી બીનજરૂરી વ્યાપારનો સર્વથા ત્યાગ કરવો અને બાકીના જરૂરી વ્યાપારને અંગે મર્યાદા બાંધવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયરત્નાવલિ

લેખક–મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

( ગત વર્ષ પૃષ્ઠ ૧૫૫ થી શરૂ )

( ૨ )

## अजान्याघ्रन्यायः ॥ २ ॥

અજા–એટલે બકરી ને વ્યાઘ્ર એટલે વાઘ, એ બેથી સમજાતો જે ન્યાય તે 'અજાવ્યાઘ્રન્યાય' કહેવાય છે. માણસ એક તરફથી કમાતો હોય ને બીજી બાજુ ગુમાવતો હોય ત્યારે આ ન્યાય લાગુ પડે છે. લોકમાં પણ કહેવાય છે આ તો વાઘ બકરી જેવું થયું.

આ ન્યાયને લગતી જ પ્રસિદ્ધ પણ ચતુરાઇભરેલી એક નાની કથા છે, તે આ પ્રમાણે—

એક રાજા હતો. રાજા બુદ્ધિમાન્ હતો. રાજ્ય ઘણું મોટું હતું. તેની વ્યવસ્થા કરવા-રાજ્યની સંભાળ રાખવા માટે ત્યાં ૫૦૦–૫૦૦ મન્ત્રીઓ હતા, પણ ખૂબ ચાલાક ને ચતુર એકે મન્ત્રી ન હતો. રાજા તેવા બુદ્ધિમાન્ મન્ત્રીને શોધતો હતો.

એક સમય તે ગામ બહારથી નગરમાં આવતો હતો. નગરને પાદર સુન્દર બારીક રેતીવાળી નદી હતી. તે નદીમાં એક દસ બાર વર્ષનો બાળક લાકડાની સળીથી કાંઇક ચીતરતો હતો.

બાળક નજીકના નાના ગામડામાં રહેતો હતો. આજે પહેલવહેલો તે તેના પિતા સાથે શહેરમાં આવ્યો હતો. સાંજે પોતાના ગામ તરફ પાછા ફરતા ભૂલી ગયેલ વસ્તુ માટે ફરી તેના પિતા ગામમાં ગયા હતા. આ બાળકે આ નદીની રેતીમાં બેઠા બેઠા સંપૂર્ણ જોયેલા શહેરનો ચિતાર ચીતર્યો હતો, નકશો દોર્યો હતો.

ઘોડે ચડીને તે સ્થળેથી જ પસાર થતાં રાજાને તે બાળકે વાર્યા ને કહ્યું કે—

" મહેરબાની કરીને બાજુમાં થઈને પધારો. અહિં મારું ચીતરેલું નગર છે. આપ અહિંથી જશો તો બધું બગડી જશે.'

રાજા અશ્વ ઉપરથી નીચે ઊતર્યો ને બાળકનું ચિત્રામણ બારીકીથી નારખ્યું. ખુશ થયો.

રાજાએ બાળકને તેનું ગામ–ઠામ–નામ વગેરે પૂછ્યું. બાળકે નિર્ભીકપણે જણાવ્યું.

રાજા સ્વસ્થાને ગયો ને બાળક પણ પોતાના બાપ સાથે પોતાને ગામ ગયો.

× × ×

આ બાળક ઉપર તેના પિતાને પૂર્ણ પ્રેમ હતો. બાળકની માતા તેની બાલ્યવયમાં જ મરી ગઇ હતી. તેનો પિતા પુનઃ–ફરીથી પરણ્યો હતો. ઘરમાં વિમાતા–ઓરમાન માના તાબામાં તેને રહેવું પડતું હતું. પણ તેણે પોતાના બુદ્ધિબળથી–ચાલાકીથી બીજી માને પણ વશ કરી લીધી હતી. વિમાતા કંઈપણ કરી બેસે નહિં એટલે તે પોતાના બાપ સાથે બેસીને જ ભોજન કરતો.

એકદા રાત્રિએ તે ઊંઘમાંથી ઝબકીને–જાગીને બૂમ પાડવા લાગ્યો કે—

'જાગો! જાગો! કોઈ ભાગી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પકડો !' તેનો બાપ ઊઠ્યો. તપાસ કરી. કાંઇ દેખાયું નહિં. તેને પોતાની પત્ની પર વહેમ આવ્યો. તેના ઉપરથી પ્રીતિ ઓછી થઇ ગઇ. સ્ત્રીએ બાળકને સમજાવ્યો. બાળકે કહ્યું-તું મારા ઉપર પ્રેમ રાખ. મને સાચવ તો હું ફરીથી હતું તેવું કરી દઉં. સ્ત્રી સાચવવા લાગી. ને કેટલાએક દિવસો બાદ બાળકે ફરી બૂમ મારી. બાપ જાગીને પૂછવા લાગ્યો કે શું છે ? એટલે તેણે પડછાયો બતાવીને કહ્યું. 'જુઓ આ માણુસ ભાગી જાય છે.' બાપનો વહેમ નીકળી ગયો ને પહેલાંની માફક સર્વ ચાલવા લાગ્યું.

× × ×

અહિં રાજાએ એકદા જે ગામનો તે બાળક હતો, તે ગામના મુખી ઉપર એક બકરી મોકલીને કહેવરાવ્યું કે 'આ બકરીને સારી રીતે સાચવજો. સારું સારું ખવરાવજો ને છ મહિને પાછી મોકલજો પણ છ મહિનામાં એનું વજન વધવું ન જોઇએ ને ઘટવુંય ન જોઈએ.' બકરી ને રાજાજ્ઞા-ફરમાન મુખીને મળ્યા. તે વિચારમાં પડી ગયો. વિષમતા દૂર કરવા તેણે ગામલોકની સલાહ લીધી. કોઇ નીકાલ કરી શક્યું નહિં.

પેલા બાળકે ઉપાય બતાવ્યો કે—

બે પાંજરા કરો. એક પાંજરામાં વાઘ રાખો ને એક પાંજરામાં બકરી બાંધો. સારી રીતે સાચવવાથી બકરી દુબળી નહિં પડે ને વાઘની ભીતિથી વધશે નહિં. હશે તેવી ને તેવી રહેશે. બાળકની બુદ્ધિ પ્રમાણે કર્યું ને સફળ થયા. છ મહિને બકરીને મોકલાવી તો પહેલાના જેટલા જ વજનવાળી ને હતી તેવી જ હતી. અહિં આ અજાવ્યાઘ્રનો પ્રયોગ કરવામાં આવ્યો.

બીજી પણ અનેક બુદ્ધિ-પરીક્ષામાંથી પસાર થઇને બાળક મહાન બન્યો. તેનું નામ 'રોહક' છે.

એકન્દર જીવનમાં અજાવ્યાઘ્ર ન્યાય હોય છે. વર્ષો વીતે છતાં હતા ત્યાં ને ત્યાં રહેવાથી શું વળે ? માટે અજાવ્યાઘ્ર જેવું જીવન જીવવું નહિં પણ જીવનમાં વિકાસ સાધવો-આગળ વધવું.

(૩)

## अजाकेसरिन्यायः ।

બકરીના સમૂહમાં સિંહનું બચ્ચું-તેનાથી થયેલ આ ન્યાય છે. વાત એમ છે કે-

એક ભરવાડ હતો. વનમાં બકરીનાં ટોળાંને લઇને દૂર દૂર ચરાવા જતો હતો. એકદા એક નાનું-તદ્દન નાનું સિંહનું બચ્ચું તેની માતાથી વિખૂટું પડી ગયેલું તે આ બકરીનાં ટોળામાં આવી ગયું. બકરીઓ સાથે સાથે ગામમાં જવા લાગ્યું. દૂધ પીવા લાગ્યું ને ધીરે ધીરે તે મોટું થયા છતાં પોતાને 'હું પણ એક બકરું જ છું' એમ સમજવા લાગ્યું. અજ્ઞ સહવાસનો મહિમા જ એવો છે કે તે પોતાપણું ભુલાવી દે છે.

એ પ્રમાણે દિવસો ને વર્ષો વીત્યાં.

એક વખત વનમાં બકરીનાં ટોળાં ઉપર એક સિંહ ત્રાટક્યો. બેં બેં કરતા બકરાઓ ભાગવા લાગ્યા. સિંહનું બચ્ચું પણ તેઓની સાથે ભાગ્યું, પણ તેનો કુદરતી સ્વભાવ હોય છે કે તે થોડું ગયા પછી પાછું વાળીને જુએ છે. સિંહશિશુએ પણ પાછું જોયું. એક બે બકરાને પોતાના ઝપાટામાં લઇને સિંહ શાન્તિથી જતો હતો, તેને આ સિંહ બાળકે નિહાળ્યો. તેને તેની ને પોતાની આકૃતિ-પ્રકૃતિ મળતી લાગી. નિજ સ્વરૂપનું તેને ભાન આવ્યું. બકરીના ટોળામાંથી કૂદીને તે સિંહનાં ટોળાં સાથે મળી ગયો, ભળી ગયો. તેમાંથી જન્મેલો ન્યાય તે '**अजाकेसरिन्यायः**'

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ન્યાય ઘણો જ ઊંચો છે. આત્મોન્નતિમાં ખૂબ પ્રેરણા આપે છે. મરી ગયેલા પ્રાણને જાગૃત કરે છે. આત્મા સિંહશિશુ છે. તેનો સ્વભાવ ઓર છે. તેના કર્તવ્યો જુદા છે. પુદ્ગલના—જડના સંગથી તે પોતાને નિર્માલ્ય-જડ-પરાધીન સમજી બેઠો છે. બકરાની માફક નીચું મોં રાખીને રખડ્યા કરે છે. તે કોઇ આત્મવિકાસવાળા મહાપુરુષને નિહાળી પોતાની પરિસ્થિતિ સમજે. આ બકરા જેવા જડ ટોળાને ત્યજીને આત્મપન્થે પળે ત્યારે વિકાસ સાધે.

આ ન્યાયને સમજીને જીવો જડતા દૂર કરે ને ચૈતન્ય વિકસાવે તો જ આ ન્યાયની સાર્થકતા છે.

( ૪ )

## अजाक्रमेलकन्यायः ॥ ४ ॥

**ક્રમેલક—ઊંટ.** બકરી ને ઊંટનો આ ન્યાય છે. ભાષામાં પણ કહેવાય છે કે 'બકરી કાઢતાં ઊંટ પેસી ગયું.' એ આ ન્યાયનો જ ભાવ છે, અર્થ છે.

એક ખેતર હતું. પાક સારો પાકયો હતો. પાકને સાચવતો ખેડૂત પણ ચારે તરફ નજર ફેરવતો હતો. રક્ષણ માટે ખેતરની ચારે તરફ વાડ હતી. એકદા વાડમાં એક છીંડું પડયું. છીંડામાં થઇને એક બકરી ખેતરમાં પેઠી. પાકને ખાવા લાગી. ખેડૂતે જોયું. લાકડી લઇને તે બકરી પાછળ પડ્યો. ગભરાયેલી બકરીને છીંડું હાથમાં ન આવ્યું. તે ખેતરમાં ફરવા લાગી. ફરતી ફરતી ખેતરના ઝાંપા આગળ આવી. તેને બહાર કાઢવા ખેડૂતે ઝાંપો ઉઘાડ્યો. ઝાંપે એક ઊંટ ઊભું હતું. ઝાંપો ઊઘડ્યો એટલે ત્યાં થઇને ઊંટ ખેતરમાં પેસી ગયું. તેણે ઘણું નુકશાન પહોંચાડયું. આ એક કાલ્પનિક કથા છે. અજાક્રમેલક ન્યાયનો તેમાં સારો ખ્યાલ છે.

આ ન્યાયને મળતો જ ન્યાય '**वृश्चिकभिया पलायितस्याशीविषमुखे पातः**' એ ન્યાય છે. તેમાં કોઇ વીંછીના ભયથી ભાગતાં ભગતાં સાપના સપાટામાં જઇ પડ્યો તેનું સૂચન છે. 'ઓલામાંથી ચૂલામાં' એ ભાષા—કહેવત પણ એ જ સૂચવે છે.

વ્યવહાર કરતા શાસ્ત્રોમાં બતાવેલ ન્યાયનો ઉપયોગ ખૂબ આવે છે. શાસ્ત્રમાં કોઈ પોતાના કથનમાં આવતા દૂષણનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરે—કાંઇક નવું કહે તેમાં એક નવીન મોટો દોષ લાગુ પડે ત્યારે ઉપર બતાવેલ ન્યાયના જેવું થાય છે.

શાસ્ત્રોમાં કોઇપણ પદાર્થનું સ્વરૂપ કે લક્ષણ યથાર્થ ન થયું હોય તો ત્રણ દોષ આવે છે. અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ ને અસંભવ. તેમાં અતિવ્યાપ્તિ નાનો દોષ છે, તેના કરતા અવ્યાપ્તિ ને અસંભવ ક્રમસર મોટા દોષો છે.

**અતિવ્યાપ્તિ** એટલે જેનું લક્ષણ કરવામાં આવ્યું હોય તેમાં તો તે લક્ષણ રહે પણ જેનું તે ન હોય તેમાં પણ રહે.

**અવ્યાપ્તિ** એટલે જેનું લક્ષણ હોય તે બધામાં ન રહેતાં અમુકમાં જ સંભવે.

**અસંભવ** એટલે જેનું લક્ષણ હોય તેમાંથી કોઈમાં તે લક્ષણ ઘટે જ નહિં.

દાખલા તરીકે કોઇએ આત્માનું લક્ષણ કર્યું કે 'ગતિ કરતો હોય તે આત્મા કહેવાય' આ લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું છે, કારણ કે આત્મા સિવાય જડ પણ ગતિ કરે છે તેમાં પણ ઉપરોક્ત લક્ષણ લાગુ પડી જાય છે. આ અતિવ્યાપ્તિના ઉદ્ધારને માટે લક્ષણને ફેરવે કે 'કર્મને વેદતો હોય તે આત્મા કહેવાય' અથવા 'રૂપ-રસ—ગન્ધ—સ્પર્શવાળો હોય તે આત્મા કહેવાય' તો બન્ને લક્ષણો અનુક્રમે અવ્યાપ્તિ ને અસંભવ દોષદૂષિત છે; કારણ કે આત્માઓ કર્મને વેદે છે પણ સર્વે આત્માઓ વેદતા નથી. સિદ્ધાત્માઓ કર્મવેદનથી વિમુક્ત છે. તેમાં આ લક્ષણ નથી ઘટતું, માટે અવ્યાપ્ત છે. ને રૂપ—રસ—ગન્ધ—સ્પર્શ તો કોઇપણ આત્મામાં હોતા જ નથી, તે જડમાં જ હોય છે એટલે અસંભવ છે. પહેલા લક્ષણને છોડી બીજા બે લક્ષણ બતાવનારને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન-ઝરમર.

લેખક:—**મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ( ત્રિપુટી )**

( ગતાંક પૃષ્ઠ ૯૪ થી શરૂ )

**૨. પ્રસંગ બીજો—**

એક વાર પાટણમાં શ્રી નેમિનાથ પ્રભુના ચરિત્રમાં પ્રસંગે આવેલું પાંડવ ચરિત્ર વંચાતું અને એમાં પાંડવોએ જૈન ધર્મની દીક્ષા લીધી અને છેલ્લે સિદ્ધગિરિમાં જઇ અણુસણુ કરી મોક્ષે પધાર્યા. આ વસ્તુ કહેવાઇ. આ સાંભળતાં જ બ્રાહ્મણો છેડાયા અને જૈનાચાર્યોએ અમારા ધર્મમાન્ય પાંડવોને હિમાલયમાં ગયા હોવા છતાં પાંડવોને જૈન ધર્મની દીક્ષા અપાવી, સિદ્ધગિરિ ઉપર મોક્ષે જવાનું જણાવ્યું એ તદ્દન અનુચિત અને અપ્રમાણિક છે. આ સંબંધી સિદ્ધરાજ જયસિંહ પાસે જઇ ફરિયાદ કરી. રાજાએ કહ્યું-જૈનાચાર્યજી ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. તેઓ કદી પણ અનુચિત કે અપ્રમાણિત બોલે જ નહિં, છતાં યે પંડિતોના આગ્રહથી સૂરિજી પાસે આવી ખુલાસો પૂછયો. સૂરિજીએ કહ્યું-રાજન્! આ તો સિદ્ધ અને સરલ વસ્તુ છે. જુઓ—

મહાભારતમાં **ગાંગેયના** પ્રકરણમાં વ્યાસ ઋષિ-મહાભારતકાર પોતે જ કહેવરાવે છે કે-ગાંગેય ઋષિએ પોતાના પરિવારને કહ્યું કે મારા શબને એવે સ્થાને લઇ જઇને, એવે ઠેકાણે એને અગ્નિસંસ્કાર કરજો કે જ્યાં બીજા કોઇનો અગ્નિસંસ્કાર ન થયો હોય. ગાંગેયના મૃત્યુ પછી એમના શબને પર્વતના એક એવા ઊંચા શિખર ઉપર લઇ ગયા કે જ્યાં કોઇ માનવીનો પગસંચાર પણ ન થયો હોય. પરિવારના લોકોએ વિચાર્યું કે અહીં કોઇ માનવીનો પગસંચાર સુલભ નથી તો અગ્નિસંસ્કારની વાત જ કયાંથી બને ? જ્યાં શબ નીચે મૂકયું કે આકાશમાંથી વાણી થઇ-

**अत्र भीष्मशतं दग्धं पाण्डवानां शतत्रयम् ।**
**द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥**

" અહીં સો ભીષ્મોનો, ત્રણસો પાંડવોનો, સહસ્ર દ્રોણાચાર્યનો અને અસંખ્ય કર્ણનો અગ્નિસંસ્કાર થયો છે. "

હવે મહાભારતકાર જ્યારે એમ કહે છે કે સો ભીષ્મ, ત્રણસો પાંડવો, અને હજાર દ્રોણાચાર્ય થયા-અને કર્ણની સંખ્યાની ગણતરી જ નથી એટલા થયા છે, તો પછી જૈન શાસ્ત્રકારોએ જે પાંડવોની જૈની દીક્ષા અને સિદ્ધગિરિ ઉપર અનશન કરી મુક્તિ ગયાનું લખ્યું છે એમાં ખોટું કેમ હોઇ શકે ?

તેમજ પાંડવોની મૂર્તિઓ કેદારનાથ મહાતીર્થમાં છે એવી જ રીતે જૈનોના પ્રસિદ્ધ તીર્થ સિદ્ધગિરિમાં પણ પાંડવોની મૂર્તિઓ છે અને નાશિકના ચંદ્રપ્રભુ જિનમંદિરમાં પણ પાંડવોની [1]મૂર્તિઓ છે..

---

૧. આ ઉપરથી એટલું તો ચોક્કસ સિદ્ધ થાય જ છે કે ચોદમી સદી સુધી નાશિક જૈનતીર્થરૂપ મનાતું હતું. ત્યાં ચંદ્રપ્રભુ જિનનું પ્રસિદ્ધ મંદિર હતું.

---

અજાક્રમેલક ન્યાય લાગુ પડે છે. તેના લક્ષણો બકરી કાઢતાં ઊંટના પેસવા જેવા છે. આત્માનું શુદ્ધ લક્ષણ તો ' જ્ઞાનાદિ ગુણવાળો જે હોય તે આત્મા કહેવાય છે' એ છે.

વ્યવહારમાં માણસ એક પાપ કરે તેને છુપાવવા બીજું ભયંકર પાપ કરે ત્યારે આ ન્યાય લાગે છે.

એક જૂઠાને સાબીત કરવા હજાર જૂઠાનો આશ્રય લે તે પણ એના જેવું જ છે.

આ ન્યાયને શાસ્ત્રમાં કે વ્યવહારમાં નહિં અનુસરનાર જ ઉન્નતિ સાધે છે.

વિજય અને વિકાસ સાધવા માટે દરેક સુજ્ઞે આ ન્યાયના ભોગ ન બનવા ખાસ ખ્યાલ રાખવો ને આગળ વધવું. (ચાલુ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બસ, પોતાના મહાભારતના શ્લોકનું પ્રમાણ સાંભળી બ્રાહ્મણો મૌન ધારીને ચાલ્યા ગયા. રાજા પણ આ પ્રમાણથી પ્રસન્ન થયા.

સૂરિજી મહારાજના ગંભીર અથાગ જ્ઞાન-રાશિનો, તત્કાળ જવાબ આપવાની બુદ્ધિનો, અને સ્મૃતિનો ઉપરના બન્ને પ્રસંગો સચોટ પ્રમાણરૂપ છે. આવું જ બ્રહ્મચર્યના રક્ષણ માટે આક્ષેપ કરનાર આલિગ પુરોહિતને જે જવાબ આપ્યો હતો તે પણ કેટલો સમયોચિત, પ્રમાણ-પુરસ્સર અને યુક્તિ-બુદ્ધિગમ્ય હતો તે સમજવા માટે કાફી છે.

આલિગ બ્રાહ્મણ રાજાનો પુરોહિત હતો. આખી રાજસભા ઉપર શ્રી હેમચંદ્રાચાર્યની વિદ્વત્તા, ચારિત્ર, અપૂર્વ જ્ઞાન અને બુદ્ધિ-પ્રભાનું વર્ચસ્વ જામેલું જોઈ સૂરિજી ઉપર આ પુરોહિત રોજ રોષે ભરાયેલો રહેતો. એણે એક વાર રાજસભા વચ્ચે સૂરિજી ઉપર મર્મ કટાક્ષ કરતાં કહ્યું-મહારાજ ! તમારો ધર્મ શમ અને કારુણ્યથી શોભિત છે પણ તેમાં એક ન્યૂનતા છે કે વ્યાખ્યાનમાં સદા સ્ત્રીઓ શૃંગાર સજીને આવે છે, વળી તે તમારા નિમિત્તે અકૃત અને પ્રાસુક આહાર આપે છે તે વિકાર-જનક આહાર હોવાથી તમારું બ્રહ્મચર્ય શી રીતે ટકી શકે ? કારણ કે—

**" विश्वामित्रपराशर-**
**प्रभृतयो ये चांबुपत्राशना-**
**स्तेऽपि स्त्रीमुखपंकजं**
**सललितं दृष्ट्वैव मोहंगताः ।**
**आहारं सुदृढं ( सुघृतं )**
**पयोदधियुतं ये भुंजते मानवा-**
**स्तेषामिन्द्रियनिग्रहो यदि**
**भवेद् विन्ध्यः प्लवेत् सागरे ॥ "**

**ભાવાર્થ**—વિશ્વામિત્ર અને પરાશર જેવા મોટા મોટા ઋષિયો કે જેઓ માત્ર જળ અને પાંદડાંનું ભોજન કરતા, તેઓ પણ સ્ત્રીના વિલાસયુક્ત મુખને જોતાં જ મોહમૂઢ બની ગયા, તો જે મનુષ્યો ઘૃત, દૂધ, દહીં સહિત સ્નિગ્ધ ભોજન કરતા હોય, તેઓ જો ઇન્દ્રિય-નિગ્રહ કરી શકતા હોય તો સમુદ્રમાં વિંધ્યા-ચલને ડૂબ્યા જેવું થાય.

સૂરિજીએ એનો એવો સચોટ-બુદ્ધિગમ્ય પ્રમાણિક જવાબ આપ્યો કે જે સાંભળતાં રાજા અને સભાજનો રાજી રાજી થયા. અને પેલા પુરોહિત મહાશય તો નીચું મોઢું કરી ઘર ભેગા જ થઈ ગયા. તેનો જવાબ નીચે પ્રમાણે છે.

**" सिंहो बली हरिणशुकरमांसभोजी ।**
**संवत्सरेण रतिमेति किलैकवारम् ॥**
**पारापतः खरशिलाकणभोजनोऽपि ।**
**कामी भवत्यनुदिनं बत कोऽत्र हेतुः ?॥"**

બલિષ્ઠ સિંહ, હરિણ અને ડુક્કરનું માંસ ખાનારો હોવા છતાં વરસમાં એક વાર રતિસુખ ભોગવે અને કબુતર શુષ્ક ધાન્ય ખાનાર છતાં ( કાંકરા વગેરે ઉંપણ ) પ્રતિદિન કામી બને છે એમાં શું કારણ હશે ?

માટે મહાનુભાવ, જગત્‌માં પ્રાણીઓની પ્રકૃતિ વિચિત્ર હોય છે, એ જ મુખ્ય કારણ છે. તમે કહેલી વસ્તુઓ કરતાંયે પ્રકૃતિ ઘણું કામ કરે છે. બસ, આખરે રાજાએ પણ પેલા પુરોહિતને કહ્યું-ભાઈ, સભામાં ઉત્તર આપવાની શક્તિ ન હોય તેવા માણસે બોલવું જ ન જોઈએ અને બોલવા જાય તો તે અતિ સાહસ જ કહેવાય.

સૂરિજીના જીવનના આવા ઘણા ઘણા પ્રસંગો જ્ઞાન સાથે આનંદ ઉપજાવે તેવા છે, જે માટે પ્રબન્ધચિન્તામણિ, પ્રભાવક ચરિત્ર, કુમારપાલ-પ્રબન્ધ વગેરે વાંચવા જોઈએ. લંબાણના ભયથી તે બધા મેં અહીં નથી ઉતાર્યા. હવે આપણે આગળ વધીએ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

( ૧૭ )

**ઉતરી જવું તે**–Going down.

**સોનામાં જડવાને યોગ્ય હીરો કદી લોઢામાં જડવામાં આવે તો તે હીરો કાંઇ રહી ઊઠતો નથી તેમજ શોભતો પણ નથી. માત્ર એના યોજકને ઠપકો ઘટે છે.**

દશ પંદર હજાર ખરચીને એક મોટા ધનવાને હીરો લીધો. અત્યંત ચળકાટ મારનાર મૂલ્યવાન બ્રીલીઅન્ટ ( brilliant ) હીરાને એણે કાળા લોઢાની વીંટીમાં મઢાવ્યો. આમાં મૂલ્ય કોનું થાય? હીરો પોતે તો બોલતો નથી, કકળાટ કરતો નથી, ફરિયાદ પણ કરતો નથી, પણ આંખ ઉઘાડી જોનાર માણસ તુરત કહી દે છે કે એનો **માલીક ગાંડો** હોવો જોઇએ, મૂર્ખ હોવો જોઇએ કે અક્કલનો બોથમીર હોવો જોઇએ. કિંમતી હીરાને કોઇ લોઢામાં જડે? એને તો પ્લેટીનમ કે સોનાની અંદર સુંદર નખીઆંની અંદર જડાય. ત્યાં એના તેજમાં વધારો થાય, ત્યાં એ સોનાનું મૂલ્ય વધારે, ત્યાં એ દીપી–ઓપી નીકળી શકે.

એવી જ રીતે દેશની ગુંચવણ કાઢનાર કે મહામુત્સદ્દીગીરી કરનાર અસાધારણ વિદ્વાન નેતાને તમે શાક મોળવા બેસાડી દો, બે હજારના માસિક પગારવાળા પ્રાધ્યાપકને ' સારી ચોપડીઓ શોભાય 'ની કવિતા શીખવવાનું કામ આપો, કે હજાર માણસની રસોઇ તૈયાર કરી શકનાર મોટા રસોયાને ભજીયાં તળવાં બેસાડો, તો એ કામ તો એ કરી આપે અને એના મુખ પર ખેદ કે વિષાદ પણ ન બતાવે, પણ એવી ગોઠવણ કરનાર તમારી કિંમત થઇ જાય. તમે ગ્રામ્ય છો, આવડત વગરના છો, ' બુંહાં ' છો, એમ ચોખ્ખું દેખાઇ આવે.

આટલે સુધી વાત બેસી જાય તેવી છે. હવે જરા આગળ વધીએ. અનંત જ્ઞાન દર્શનનો ધણી, મહાન્ શક્તિમાન, તેજસ્વી ઉદાત્ત આત્મા જ્યારે વિષયકષાયમાં પડી જાય છે, જ્યારે ક્રોધથી લાલચોળ થતો દેખાય છે, જ્યારે કપટ-જાળની ગૂંચમાં અટવાઇ જાય છે, જ્યારે સ્ત્રી સાથે વિષયસેવન કરે છે, ટૂંકામાં સંસારના કામમાં ઓતપ્રોત થતો દેખાય છે, ત્યારે કનક ભૂષણમાં જડવા યોગ્ય હીરાને લોઢામાં જડ્યા જેવો એ દેખાય છે. આ ભારે ખેદનો વિષય છે, જોતાં ગ્લાનિ ઉપજાવે તેવા તેના ભવાડા કરાવે તેવી બાબત છે. એમાં પડનાર અને યોજનાર એ પોતે જ છે. માત્ર એને ચેતવનાર પાકો કોઇ મળતો નથી. નહિ તો **અનંત વીર્યના ધણીના આવા હાલહવાલ હોય?** મહાન્ તેજસ્વી સૂર્યની આગળ આવાં અંધારાં હોય? ભવ્ય વ્યોમમાં ઉડ્ડયન કરનાર આવી ભૂમિમાં લુંઠતા હોય? આ અતિ ખેદ કરાવે તેવી બાબત છે; અયોગ્ય મેળથી દિલ ઉશ્કેરે તેવી બાબત છે અને જરા વિચારવાથી કે આંતરચક્ષુ ખોલવાથી દેખાઇ આવે તેવી હકીકત છે; માટે વિચારો. સોનામાં બેસવા યોગ્યને સોનામાં બેસાડો, કનક ભૂષણને યોગ્યને મૂલ્યવાન ધાતુમાં મૂકો. એમ કરવામાં તમારી અલ્પ આવડત અને અણઘડપણામાં કિંમત થાય છે. હાથી તો રાજદરબારે શોભે, એને ઉકરડે ગંધાય નહિ અને એવી કોઇ ભૂલ કરે તો ભૂલ કરનારમાં મીઠાની ખામી છે એમ વાત થાય.

---

**कनकभूषणसङ्ग्रहणोचितो, यदि मणिस्त्रपुणि परिधीयते ।**
**न स विरौति न चापि हि शोभते, भवति योजयितुर्वचनीयता ॥**

પંચતંત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( ૧૮ )

**અહીં શા માટે ?** Why here ?

**જીવનમાંથી આપણે માટે જેટલું બધું મળી શકે તે લેવા માટે આપણે અહીં આવ્યા નથી, પણ બીજાનાં જીવનને વધારે સુખી કરવા માટે બનતો પ્રયાસ કરવા અહીં આવ્યા છીએ.**

આપણે અહીં શા માટે આવ્યા છીએ ? બને તેટલો પૈસો એકઠો કરવા, કે બેન્ક ખાતામાં મોટી પુરાંત ( બેલેંસ ) બતાવવા કે રાત્રે સ્વચ્છંદે રખડવા કે પરિણામની વિચારણા કર્યા વગર અકરાંતીઆ થઈ માલમિષ્ટાન્ન ખાવા કે ન પીવા યોગ્ય પીણાં પી જાત પરનો કાબૂ ખોઇ બેસવા ? અથવા તો આપણો ઉદ્દેશ અહીં ગાયનો સંગીત સાંભળવા માટેનો છે કે આખો દિવસ અકળાઇ કૂટાઇ વેપારધંધાના એકદેશીય ચકરાવામાં કચરાઇ મરવાનો છે ? કે શો હેતુ છે ? કે નામના કરવા માટે છાપામાં કોઇ રીતે નામ પ્રકટ કરાવવાનો કે માનપત્રો મેળવવાનો કે કોઇ અજાણ્યા ખૂણે પડેલા કોઇ સંસ્થાના પ્રમુખ કે હોદ્દેદારનો ખિતાબ મેળવવાનો છે કે સરકાર પાસેથી ખાનબહાદુર, રાવસાહેબ કે રાયબહાદુરનો ઇલકાબ મેળવવાનો છે ? કે તદ્દન નાના વર્તુળના શેઠીઆ ગણાવાનો કે મોટા સટ્ટા રેસ કે જુગારમાં હજારોને પાયમાલ કરી અંતે પોતાને પાયમાલ કરવાનો છે ? કે આપણો ઇરાદો શું છે ? કેટલા મળે તો મોક્ષ થયો ગણાય ? કેટલા ડુંગરા ખડકાય તો જીવન સફળ ગણાય ? ખરી રીતે આ સર્વમાં આપણો સ્વાર્થ છે, આપણી માન્યતા પ્રમાણે આપણી નામના છે અને આપણી મહત્તામાં માનેલું સાચું ખોટું ગૌરવ છે. આ સર્વમાં મધ્યસ્થાને 'હું' અને 'મારું' છે, એમાં મમતા અને માયા છે, એમાં ચોખ્ખા સ્વપણાનો આગ્રહ છે, એમાં નિર્ભેળ અલ્પ સત્ત્વનું પ્રદર્શન છે.

જીવન જીવવું હોય તો પરાર્થે જીવો, બને તેટલી બીજાને સગવડ કરી કરાવી આપો, બને તેટલા જનહિતનાં કામોને અમલમાં મૂકો, અન્યને તેમ કરવા પ્રેરણા આપો, ઉપદેશ કરો અને પારકાને કરી કરાવી આપેલી સગવડોમાં સુખ માનો. ખાવું પીવું, એશઆરામ ચમન કરવો એ તો માત્ર ટૂંકી બુદ્ધિ છે, અલ્પ નજર છે, સ્વાર્થની અંધેરપીછોડી છે. બીજાના જીવનને સેવાથી, સલાહથી, મદદથી સુખી કરવાના પ્રયાસમાં પણ સાચો આનંદ છે. બાકી નંદરાજાએ સોનાની ડુંગરીઓ બનાવી તે સર્વે અંતે અહીં રહી ગઇ અને પાંચસો વહાણનો માલેક ધવલ શેઠ એક પણ વહાણને સાથે ન લઇ ગયો ! બીજાને ખવરાવ્યું તે ખરું ખાધું, બાકી ખાધું તે તો ખોયું. એ વાતને સમજે તે પરોપકારી જીવનમાં જ રસ લે અને સમાજ ખાતર અનુકૂળતા પ્રમાણે ભોગ આપવામાં, યાતના સહન કરવામાં, ભૂખ તરસ વેઠવામાં કે જેલનાં દુઃખો ખમવામાં જે મોજ લે તેનું જીવન એ સાચું જીવન છે અને માત્ર બેન્કમાં કરોડો કે લાખોની લેવડદેવડમાં જ રાજી થઇ જનાર માટે તો આ માત્ર એક ફેરો છે, આંટો છે, ખેપ છે. બને તેટલું પારકા માટે જીવવામાં રસ લો, પારકી સેવા એ ખરેખરી પોતાની સેવા છે એ સૂત્ર બરાબર સમજો અને બને તેટલું પરાર્થે જીવન જીવવામાં રસ જમાવો. બાકી તો કાગડો પણ જીવે છે, ખાય છે અને મોત આવે ત્યારે મરી જાય છે. એવા જીવન માટે આપણે અહીં આવ્યા નથી. આપણે તો અહીં પોતાનો વિકાસ સાધવો છે અને પોતાને ભૂલી પરને માટે જીવન વહન એ એનો રાજમાર્ગ છે.

**We are not here to get all we can out of life for ourselves, but to try to make the lives of others happier.**

**—Sir William Osler ( 24-4-46 )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૯ )

**વસીયતની સખાવતનું મૂલ્ય**-Values of testamentary charities.

**કોઈ કોઈ માણસો મરણના ધરા સુધી પોતાની સખાવતો મુલતવી રાખે છે. આવા માણસો માટે બરાબર વિચાર કર્યો હોય તો જણાશે કે તેઓ પોતાના ધન કરતાં પારકાના પૈસા પર ઉદારતા દાખવી રહેલ છે.**

'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' અને 'લોભે લક્ષણ સઘળાં જાય' એ સર્વ જાણીતી કહેવતો એક બાબત જરૂર બતાવે છે કે માખી આખો દિવસ મહેનત કરી મહિનાઓ સુધી ફૂલે ફૂલે બેસી મધ એકઠું કરે, પોતે ખાય નહિ, બચ્ચાંને ખાવા ન દે-આ સર્વ જાણીતી વાત છે, ત્યારે **એ મધ કોનું** ?

અને આખો દિવસ રાત મજૂરી કરી પૈસા એકઠા કરે અને પોતે સુખે ખાય નહિ, ખાવામાં તેલ ને ચોળાં આરોગે અને મરતી વખતે મારી પાછળ ચોરાસી જમાડજો કે ગામમાં એક ચબૂતરો કરી પારેવાંને જાર નાખજો કે કૂતરાંને રોટલા ખવડાવજો-**એ ધન કોનું** ? એ તો જાણે છે કે અહીં બધું મૂકીને જવાનું છે અને પછી તો કોરટ, દરબાર, વકીલ, પ્રોબેટ ડયુટિ, ડેથ ડયુટિ-એમાં ઘસડાઇ જવાનું છે.

આવી સ્થિતિ નજીક દેખાય ત્યારે વકીલને બોલાવે, મારા ફલાણા સગાને ૫૦૦ આપજો, મારા નામનું સદાવ્રત થાપજો, વગેરે ખરચો કરવા ફરમાવે-એ પૈસા કોના ? એના તો ન જ કહી શકાય. મરી ગયા પછી એ ઘેર આવે તો તેને કોઇ ઘરમાં પેસવા પણ ન દે, અને જૂના જમાનાના હોય તો પાણી મંત્રીને છાંટે, કે ઘરના બહારના ગોખલામાં ખીલા ઠોકે, કે ભૂલભૂલમાં પણ ઘરમાં બાપાનું ભૂત રાત વખતમાં પણ આવી ન જાય.

ત્યારે આ તો પારકાના પૈસા થયા. એ તો કોઈ રીતે પોતાને એક રૂપિયાના ચાર આના પરભવમાં મળે તો **સગા છોકરાને પણ રખડાવે**, પણ જ્યારે ઉપાય ન હોય ત્યારે કાંઇ નહિં તો થોડું ઘણું આવતા ભવમાં મળશે, એવી માન્યતાને આધારે એ થોડો ધરમાદો કરે છે. પણ આવી રીતે કરેલ ધરમાદો એ ખરી રીતે પારકા પૈસાનો ધરમાદો છે, હક્ક ઊઠી ગયા પછી હક્ક સ્થાપવાનો વ્યામોહ છે, બળતું ઘર કૃષ્ણાર્પણ કરવાના અખાડા છે, મળે તેટલું પચાવી પાડવાનો ધનનો મોહ છે. ધનની અસ્થિરતા સમજનાર, **ખરચ્યું તે સાથે** આવશે એ પાઠનો સંવ્યવહાર કરનાર આ રીતે છેલ્લી ઘડી સુધી પૈસા ખરચવાની વાત મુલતવી રાખે નહિ અને રાખે તો તેને પૂરું ફળ મળે નહિ.

**'હાથે તે સાથે'** છે એ વાત સમજવા જેવી છે, **વાવવાથી લણાય છે** એ વાત ધ્યાનમાં લેવા જેવી છે, પોતે કરેલ સખાવતના લાભ નજરે જોવાથી અનુમોદનનો લાભ પણ થાય છે અને કરેલ કાર્યનો બદલો હજારોગણો અહીં ને અહીં મળે છે.

માટે જે કરવું હોય તે આજ કરો. નાણાં વેડફાઇ જતાં વાર લાગતી નથી. પુત્ર કુપુત્ર થાય તો કઈક વસીયતનામા તિજોરીમાં સડી ગયા છે અને વકીલોની નજર મોટા એસ્ટેટ પર હોય છે. આ સર્વમાંથી બચવું હોય, પરસેવાના પૈસાનો લાભ લેવા પાકી ઇચ્છા થઇ હોય તો જે કરવું હોય તે તુરત કરો, પછવાડે વાળા કરશે એ વ્યામોહ છે, મૂળથી જ ખોટો ખ્યાલ છે અને અનુભવથી કષ્ટસાધ્ય છે. ખરચ્યું તે તમારું છે, બાકી બધા ભામા છે.

---

He that defers his charity till he is dead, is, if a man weighs it rightly, rather more liberal of another man's foods than his own. —BACON. (7-4-45)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૦ )

**મટક વૈરાગ્ય**–Fleeting aloofness.

**ધર્મનું વ્યાખ્યાન ચાલતું હોય તે વખતે જે બુદ્ધિ થાય, સ્મશાનમાં બળતી ચિતાની છાયા વખતે જે વૈરાગ્ય બુદ્ધિ પોષાય, વ્યાધિવાળા રોગીને મંદવાડ દરમ્યાન ત્યાગની જે બુદ્ધિ થાય, તે જો નિશ્ચલ હોય–પાકી હોય તો બંધનથી મુક્ત કોણ ન થઇ જાય?**

શુદ્ધ ત્યાગી, હૃદયથી બોલનાર, ખરેખરા અભ્યાસી અને જેના વચન, વ્યવહાર અને વર્તનમાં ત્યાગ ભાવ રમી રહેલ હોય તેવા **વક્તા** સંતપુરુષ સાદી મીઠી ભાષામાં ધર્મનું રહસ્ય સમજાવતા હોય, પ્રભાતનો જાગતો પહોર હોય, ગજસુકુમાળ અને કરકંડુ જેવાના દાખલા આપે જતા હોય અને શ્રોતા વૈરાગ્યના રસમાં લદબદતા હોય ત્યારે કેવી બુદ્ધિ થાય? એ નંદરાજાની સોનાની ડુંગરીની વાત કરે, એ મુંજ જેવા મોટા રાજાને ભીખ માગતો બનાવે, એ દ્વીપાયન ઋષિએ કરેલ દ્વારકાદહનની વાત કરે કે એ સ્થૂલિભદ્રનો ત્યાગ વર્ણવે ત્યારે કેવી બુદ્ધિ થાય? વિષયસુખો કેવા લાગે? કષાયપરિણતિ પર કેવી ચીઢ ચડે? સ્વપરની કેવી ઓળખાણ થાય?

અથવા **સ્મશાનમાં** ભાઇની, પુત્રની, સ્રીની, મિત્રની કે સંબંધીની 'ચે' બળતી હોય, સાચા સંવેગી લૌકિકે આવનાર વધારે દુઃખીના દાખલા આપી ધીરજ આપતા હોય, અંતે સર્વને મરવું ચોક્કસ છે અને આ જમાવેલ સૃષ્ટિ આખી અહીં ને અહીં રહી જવાની છે અને સાથે એક નાળિયેર કે એક સુતરનો દોરો કે સોનાની વીંટી પણ આવનાર નથી એવી વાતનું વાતાવરણ જામ્યું હોય ત્યારે પોતાના મનમાં કેવી બુદ્ધિ થાય? કેવો વિચાર ઘોળાય? ૧૦૪-૧૦૪॥ તાવ આવ્યો હોય, ઉધરસ આવ્યા કરતી હોય, વૈદ્ય દાક્તર હિંમત આપે તેમાં આશા નિરાશા વચ્ચે ઝોકાં ખવાતાં હોય, ગળે પાણી ઉતારવામાં પણ શ્રમ પડતો હોય, ત્યારે મનમાં વિચાર આવે કે આ વ્યાધિમાંથી ઊઠું તો આ ચોતરફથી દાવાનળ લાગેલાં સંસારમાંથી નાસી છૂટું! તે વખતે જમાવેલ રયાસત, એકઠી કરેલ પૂંજી, ગોઠવેલ સગપણ, સર્વ તરફ કેવી બુદ્ધિ થાય? પોતાનો તેમની સાથેનો સંબંધ કેવા પ્રકારનો, કેટલા વખત માટેનો અને કેવાં પરિણામ લાવનારો છે તેને અંગે મનમાં કેવા કેવા વિચારો આવે? શા શા નિર્ણયો સૂઝે?

આ મટક વૈરાગ્ય, ક્ષણિક ત્યાગબુદ્ધિ, કામચલાઉ વિચારણા જો સ્થાયી **સ્વરૂપ લે તો તો કામ થઇ જાય,** સર્વ બંધન ખલાસ જાય, પ્રાણી પોતાના અખંડ સ્થાને પહોંચી જાય. પણ ઘણાખરા તો વ્યાખ્યાનગૃહમાંથી નીકળતી વખતે જ સાહુકાર બની જાય. સ્મશાનમાંથી પાછા ફરતાં યુરોપ અમેરિકાની વાતે ચઢી જાય, રોગ પૂરા થાય ન થાય ત્યાં તો વેપાર ધંધાના ઓરડરો આવવા લાગી જાય, અને અંતે ઘર દી અને ઘર દહાડા થાય. તેમાં શું રહ્યા? તેથી શું વળે? એમાં કઇ જાતનો સ્થાયી લાભ થાય? માટે આવા ટૂંક વખતના વિચારને સ્થાયી રૂપ આપતાં આવડે, આત્મવંચના અને દંભને તિલાંજલી અપાય અને તેમાંથી સ્થાયી લાભ મેળવાય તો ત્યાં સાચો ધર્મ આવીને વસે; બાકી ઉપરચોટિયા રતલામની ભાવનાનો કાંઈ અર્થ નથી. સ્થાયી લાભ નથી તેમ તેથી પૂર્ણ પ્રગતિ નથી.

**મૌક્તિક**

**धर्मास्थाने स्मशाने च, रोगिनां या मतिर्भवेत् । यदि सा निश्चला बुद्धिः को न मुच्येत बन्धनात् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રત્યેકબુદ્ધ.

લેખકઃ—શ. ચોકસી.

( ગતાંક પૃષ્ઠ ૭૬ થી શરૂ. )

## ૩ વલ્કલચીરી—

અરણ્યવાસમાં અથવા તો નગર બહાર વસ્તીથી સામાન્ય રીતે અલગતા ધરાવતા ઉદ્યાન વા આશ્રમમાં જ ધ્યાનની ખરી રમઝટ જાગે છે. જો કે આ નિયમ એકાંત ગ્રહણ કરવાનો નથી. મોટા ભાગે આમ બનતું હોવાથી જ સાધુસંતો કિંવા તાપસો ઘણુંખરૂં કુદરતના આંગણે આવેલા વિવિધ પ્રકારની વનસ્પતિની લીલાશથી ભરચક બનેલાં રંગબેરંગી પુષ્પો તેમજ મનોહર ફળોથી ભરેલાં વૃક્ષોથી શોભાયમાન થયેલાં, અને એ ઉપર ભિન્ન ભિન્ન પ્રદેશોમાંથી આવતાં અને જતાં જુદા જુદા પક્ષીગણના કલરવોથી સદા ગુંજાયમાન રહેતાં સ્થાનોમાં વસવાનું પસંદ કરે છે. આ ઉપરાંત મોટો લાભ તો અહીં વસનારને એ થાય છે કે એમના આત્મચિંતનમાં અથવા તો અધ્યયન મનનમાં કોઇ પણ જાતના અવરોધ ઉપસ્થિત થવાનો પ્રસંગ બનતો જ નથી. એમને અહીં ધારી એકાંત દશા અને મોટા પ્રમાણમાં નિરવતા પ્રાપ્ત થાય છે. જેમ તેઓ માત્ર ગોચરી નિમિત્તે જ સમિપવર્તી શહેરમાં જવાનું પસંદ કરે છે તેમ શહેરની જનતાને પણ સામાન્યતઃ ઉપદેશ પ્રાપ્ત કરવાની અભિલાષા વર્તે છે ત્યારે અગર તો કોઇ ખાસ પર્વ હોય છે એ દિને મોટા પ્રમાણમાં આ સ્થાન પ્રતિ પગલા માંડે છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણેના આ **પોતનપુર** નગરની બહાર આવેલા ઉદ્યાનમાં જે એક આશ્ચર્ય ઉદ્‌ભવ્યું તે તરફ ડગ ભરતાં જ આપણી નજરે મહારાજા પ્રસન્નચંદ્ર અને તેમના બંધવ યુવરાજ વલ્કલચીરી ચઢે છે. તેઓ વાતો કરતા ઉદ્યાનની દિશામાં જ આગળ વધી રહ્યા છે.

ભાંઇ વલ્કલ ! પિતાશ્રીને સુખ–શાતા પૂછી, થોડો સમય શુશ્રૂષા કરી આપણે તરતજ પાછા ફરવાનું છે. તાપસો કે મહંતોના સ્થાનમાં સંસારી મનુષ્યોએ કામપૂરતા જ બેસવું જોઇએ. રાગીનો વધુ સહવાસ ત્યાગીના જીવનમાં હાનિકારક થઇ પડે છે. પ્રસન્નચંદ્રે આ સૂચના હેતુપૂર્વક કરી.

વડિલ ભ્રાતાની ઉપલી સૂચના પર વલ્કલે ખાસ ધ્યાન ન દીધું. જેમ જેમ આશ્રમ નજીક આવતો ગયો તેમ તેમ એની સ્મૃતિમાં પોતાનો ભૂતકાળ વધુ ને વધુ પ્રમાણમાં તાજો થતો ગયો. પોતાનું બાળપણ અહીં વીતેલું હોવાથી નાના મોટા દરેક બનાવો મનોપ્રદેશમાં ઉભરાવા માંડ્યા. ઘડીભર પોતે અહીંથી નીકળી જઇ નગરમાં પહોંચી સંસારી બન્યો એ વાત ભૂલી ગયો ! ગાયો ચારતા ગોવાળ, વનમાં દોડતાં મૃગો, ટોળામાં ફરતાં સસલાઓ, વૃક્ષો પર કલરવ કરતાં પક્ષીવૃંદોએ, બાળપણની નિર્દોષતા એટલી હદે યાદ કરાવી કે વલ્કલ–ચીરી રાજ્યમહેલ અને એમાં વસતી રૂપવંતી રામાઓ અને એમની મનોહર ક્રીડાઓ, મોહક હાવભાવ અને કામોદ્દીપક વિલાસો વિસરી ગયો.

આ વિચારમાળામાં મોટા ભાઇનો મોટેથી કરાયેલો સાદ કર્ણપટ પર અથડાયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે વલ્કલ! શું વિચારે છે? નજર સામે બાપુજી, અરે સોમચંદ્ર ઋષિ વિરાજમાન છે તેમને પ્રણામ કર.

તરંગશ્રેણિમાં ભગાણુ પડ્યું. ઊંઘમાંથી એકાએક જાગ્રત થતાં માનવી માફક વલ્કલચીરીએ સોમચંદ્ર ઋષિના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા.

વૃદ્ધાવસ્થા જેમના પ્રત્યેક અંગ પર કાબૂ જમાવી બેઠી છે એવા તપોધને ઉભય પુત્રોને આશીર્વાદ આપ્યા. સુખશાતા પૂછવાનો પ્રારંભ રાજવી પ્રસન્નચંદ્રે કર્યો.

વલ્કલચીરી મૂકપણે એ સાંભળી રહ્યો છતાં એનું મન તો એ કમરામાં અસ્તવ્યસ્ત પડેલી વસ્તુઓ પ્રતિ હતું. આ તેજ સ્થાન છે કે જ્યાં પોતે સમજ પ્રાપ્ત કર્યા પછી સાફસુફી કરતો, નાની મોટી દરેક ચીજ એના સ્થાનકે મૂકતો, એ ઉપરની રજ ખંખેરી નાંખતો અને પિતાશ્રીના ઉપયોગની દરેક સામગ્રી એ માગે તે પૂર્વે હાજર રાખતો. જન્મ આપીને તરતમાં જ પરલોકના પંથે પળેલી માતુશ્રીની યાદ તો નહોતી પણ ન્હાનેથી મોટો કરનાર પિતા તો જીવનના પ્રત્યેક બનાવ સાથે તાણાવાણાની માફક વણાયા હતા. આકસ્મિક બનાવે એમનો સહવાસ છોડાવ્યો હતો અને આવા ઉપકારીનો સંગ છોડી પોતે નગુણો બની ખબર આપ્યા વિના પોતનપુર ભાગી ગયો હતો. એટલું જ નહીં પણ તાપસ જીવનની વાતને સાવ ભૂલી જઈ ગૃહસ્થ જીવનના રંગરાગમાં એટલી હદે ડૂબી ગયો હતો કે આ વૃદ્ધ પિતાને પોતાના ચાલી આવવાથી કેવું દુઃખ થયું હશે એ જાણવાની તક સરખી પણ લીધી નહોતી! જેમ જેમ આ સ્મરણ તાજું થતું ગયું તેમ તેમ પોતાની જાતને નીચી પાયરીએ ગયેલી જોઈ વલ્કલચીરીને હૃદયમાં સખત દુઃખ થયું, જબરું મંથન શરૂ થયું ભૂતકાળના નિર્દોષ જીવનની સુવાસ આગળ ચાલુ સમયનું સંસારી જીવન કાદવ–કીચડભર્યું લાગ્યું! મનમાં અવાજ ઊઠયો કે માન સરોવરનો હંસ કયાં ઉકરડા નજીકના મેલા પાણીના ખાબોચીઆ પર જઇ બેઠો! ભૂલ્યો! ઘણું ભૂલ્યો!! પાછો ફર, હજી બાજી હાથમાંથી સરી નથી ગઇ.

એકાએક વલ્કલચીરી ભાઇની પાસેથી ઊઠી, તાપસ જીવનમાં આહાર ગ્રહણ કરવામાં ખાસ ઉપયોગમાં આવે તેવાં લાકડાના પાત્રો પડયા હતાં એ ખૂણામાં પહોંચ્યો. એમાંનાં એકાદ સિવાય બાકીના પર ધૂળના થર જામ્યા હતા. એક પછી એક લઇ એ પોતાના વસ્ત્રવડે પ્રમાર્જવા મંડી પડયો. એના આ કાર્ય પ્રતિ વાતમાં એકતાર બનેલા ઋષિ કે રાજા ઉભયમાંથી કોઇનું પણ ધ્યાન ગયું નહીં.

જેમ જેમ વલ્કલચીરી પાત્રોનો કચરો સાફ કરતો ગયો તેમ મનોપ્રદેશમાં ઇહા–અપોહના રણકાર થતાં ગયાં. બાલ્યકાળમાં અહીં જેમ આવી પલેવણા કરતો તેમ પૂર્વે પણ મેં આવી ક્રિયા કરી છે? કયાં કરી છે? કયારે કરી છે? એની ધારણા કરવાના પ્રયાસ આરંભાયા. એ પર સ્મૃતિના ઘા પડયાં અને એકાએક જાતિસ્મરણ જ્ઞાન થયું. ઓહ! હું તો સાધુ હતો. આ જાતની પાંચ પલેવણા અહર્નિશ કરતો. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ પ્રકારના યતિધર્મનું પાલન, બાવીશ પરિષહોનું સહન તેમજ બાર ભાવનાનું ચિંતન એ તો મારો રોજનો વ્યવસાય હતો. સાધુના આચારમાં વસ્ત્ર પાત્રાદિની પડિલેહણા અગ્રભાગ ભજવે છે. જીવરક્ષાના હેતુને ધ્યાનમાં રાખી એ દરેકની તપાસ કરવાનું ખાસ ફરમાન છે. આમ ચિંતવન આગળ વધતું ગયું. પૂર્વ ભવમાં પાળેલા ચારિત્રની સ્મૃતિના ઊંડાણ ઘેરા બનતા ગયાં. એ પવિત્ર જીવન જીવતાં રહી ગયેલી ક્ષતિઓ દૃષ્ટિગોચર થઇ, લાગેલ અતિચાર નેત્ર સામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ નિર્વાણ અને અર્ધ શતાબ્દિ મહોત્સવ
## અખિલ ભારતવર્ષીય ગુરૂભક્તગણ જોગ-શાંતમૂર્તિ પૂજ્ય.
## જ્યોતિર્મય-ન્યાયામ્ભોનિધિ-દાદા ગુરૂદેવ.

# શ્રી વિજયાનંદ સૂરીશ્વર (આત્મારામ)જી મહારાજ પ્રતિ ગુરૂભક્તોનું-કર્તવ્ય.

**वह कौन था ? क्या था दिवाकर ? या सुधाका धाम था ?**
**सुनिए, विनय विद्या दया का धाम आत्माराम था ॥**



પંજાબદેશોદ્ધારક સર્વશાસ્ત્રનિષ્ણાત સત્યવક્તા ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના જન્મ શતાબ્દિ શુભ પ્રસંગે તેઓના પટ્ટધર પંજાબકેસરી અજ્ઞાનતિમિરતરણિ કલિકાલકલ્પતરૂ જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્વિજય**વલ્લભસૂરીશ્વરજી** મહારાજ- દ્વારા ઉચ્ચારેલ સોનેરી વાક્યો આજે પણ કાનોમાં ગૂંજી રહ્યા છે કે-" **जन्म शताब्दि महोत्सव की तरह वि. सं २००३ में आपके स्वर्गारोहण को पूरे पचास वर्ष होवेंगे; इस वात को लक्ष में लेकर आपका स्वर्गारोहण अर्द्ध शताब्दि महोत्सव मनाया जायगा । इसलिये आप अभी से ही अर्द्ध शताब्दि तैयारियें करें । दश वर्ष के लम्बे समय में आप जो कुछ करना चाहें कर सकते है ! जिन्दगी होनी चाहिये । वह तो निर्विवाद बात है कि जो जीवा रहेगा वह समय का अनुभव कर ही लेगा । तो भी यदि अभीसे ही उस समय के लिए यथाशक्ति कर्त्तव्य परायण हो लिया जाय तो संभव है, कुछ न कुछ उस समय के उचित बन शक्ता है ।** " **મહાનુભાવો !** આપણો મહાન પુણ્યોદય છે કે જે મહાપુરુષના મુખારવિંદથી ઉપરોક્ત દેવવાણી પ્રગટ થઈ હતી. આજ તેઓશ્રીજીની જ છત્રછાયામાં તે મહોત્સવ ઊજવવા ભાગ્યશાળી થઈ રહ્યા છીએ.

મને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે પરમો-

---

તરવા લાગ્યાં. અંતરના ઊંડાણમાંથી એક જ નાદ ઊઠી આવ્યો.

હંસલા, ભૂલ્યો ત્યાંથી ફરીથી ગણવા માંડ. પવિત્ર એવા શ્રમણજીવનના શુદ્ધ પાલન વિના આત્મસાક્ષાત્કાર સંભવિત નથી જ એ વાત સચોટપણે લોખંડના ટાંકણે કોતરી આગળ કદમ ભરવા માંડ. 'ભાવના ભવનાશિની' એ જ્ઞાની વચનનો સધિયારો લઇ વલ્કલચીરી યુવરાજ તો ગુણસ્થાનકની ભૂમિઓ કુદાવવા લાગ્યો. બાહ્ય દૃષ્ટિએ તો એના હાથ પાત્રોની પલેવણા કરતાં હતાં પણ અંતરદષ્ટિના નિરીક્ષક તો સહજ જ્ઞાનબળે જોતાં કે હાથોની એ ક્રિયા ઉપરાંત અંતરમાં અનિત્યાદિ ભાવનાઓના ધોધ વહી રહ્યા છે. ધ્યાનની ચિરાગ ભડકે જળી રહી છે. એમાં કર્મનો પુંજ સ્વાહા થઇ રહ્યો છે. ધર્મધ્યાનની ભૂમિકા ઓળંગાણી અને શુકલધ્યાનના ચાર પ્રકારમાંનાં પ્રથમના બે ઉપર મન એકાગ્ર થયું ત્યાં કેવળજ્ઞાનનો ઘંટ બજી રહ્યો. સમિપસ્થ દેવે સાધુવેશ અર્પણ કર્યો. એમનો અંક પ્રત્યેક બુદ્ધમાં નોંધાયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પકારી દાદા ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજને સ્વર્ગવાસી થયે સંવત વિ. સં. ૨૦૦૨ જેઠ સુદિ ૮ ના રોજ પૂરા પચાસ વર્ષ થઇ ચૂકયા છે. તે નિમિત્તે પંજાબના પ્રસિદ્ધ શહેર ગુજરાંવાલામાં જ્યાં તેઓશ્રીજીનું ભવ્ય શાનદાર સમાધિમંદિર છે તેની શીતલ છાયામાં **શ્રી આત્માનંદ નિર્વાણાર્દ્ધ શતાબ્દિ સમારોહ** વિ. સં. ૨૦૦૩ ચૈત્રવદિ ( હિન્દી વૈશાખવદિ ) ૬–૭–બીજી સાતમ તદનુસાર તા. ૧૧–૧૨–૧૩ એપ્રીલ સં. ૧૯૪૭ ના રોજ ઊજવવા ઠરાવવામાં આવ્યો છે.

**સજ્જનો !**

શ્રી આત્મારામજી મહારાજ ખરેખર જૈન શાસનના એક સમર્થ જ્યોતિર્ધર હતા. સમસ્ત સંઘ ઉપર એમનો અસાધારણ ઉપકાર છે. જે વખતે અજ્ઞાનતા, વહેમ, ગતાનુગતિકતા અને સંકુચિતતા પોતપોતાનાં આસન જમાવીને બેઠાં હતાં તે વખતે આ આચાર્ય મહારાજે શાસ્ત્ર અને સંયમનો સિંહનાદ સંભળાવી જૈન સંઘને સચેત કર્યો. શિથિલતા જડતા અને પાખંડ જેવા યુગવ્યાપી અંધકારને એમણે એકલા હાથે વિદાર્યો.

" No man so peculiarly identified himself with the interests of Jain Community as Muni Atmaramji "

જૈન સંઘના હિતકાર્યમાં શ્રી આત્મારામજી મહારાજે કેટલી તલ્લીનતા સાધી હતી ? અમેરિકાની સને ૧૮૯૨ની સુપ્રસિદ્ધ ધર્મ પરિષદે પોતાના અહેવાલમાં એ શબ્દો આપણા અર્દ્ધશતાબ્દિ નાયકના સંબંધમાં ઉચ્ચાર્યા છે.

જેમણે સંઘ સમસ્તના હિતાર્થે રાત દિવસ ચિંતન કર્યું, જેમણે શાસન પ્રભાવનાના વિસ્તાર અર્થે અનેકાનેક પરિષહો વેઠ્યાં, જેમણે જ્ઞાન તથા વિધિના પુનરુદ્ધાર અર્થે માન અપમાનની પણ પરવા ન કરી, જેમનું સમસ્ત જીવન પ્રકાશરૂપ છે. જેમના જીવનનો એક એક પ્રસંગ અડગતા અને સવીર્યતાની પ્રેરણા આપે છે એવા એક શાસનધુરંધર પુરૂષના સ્મારક અર્થે પ્રિય ગુરૂભકતો તમારે પણ કાંઇક કરી છૂટવું જોઇએ.

**ગુરૂભક્તો !**

જન્મ શતાબ્દિની માફક આ નિર્વાણાર્દ્ધ શતાબ્દિનું પણ નિરંતર સ્મરણ રહે અને પ્રત્યેક ગુરુભક્ત પોતાની શક્તિ મુજબ લાભ લઇ શકે તે લક્ષમાં રાખી પંજાબ શ્રી સંઘ તરફથી એક **અર્દ્ધશતાબ્દિ ફંડની** એક યોજના હાથ ધરવામાં આવી છે.

૧ આ ફંડમાં પ્રત્યેક મહાનુભાવ રૂા. ૫૧) એકાવન આપી મેમ્બર થઇ શકે છે. જે કોઇ પણ ગુરુભક્તને ભારે પડે તેમ નથી.

૨ આ ફંડનો ઉપયોગ ખાવાપીવામાં અથવા કોઇ મકાનમાં કરવામાં નહીં આવે, કિન્તુ **અર્દ્ધશતાબ્દિ સ્મારક અંક પ્રગટ કરવાની** સાથે સાથે સ્વર્ગવાસી ગુરુદેવના સ્વયંરચિત ગ્રંથો પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસનું પ્રકાશન કરવામાં આવશે. તે સિવાય શ્રી મહાવીર પ્રભુના વચનોનો, ધર્મનો અને ઉપદેશનો જગતમાં પ્રચાર થાય એવું સાહિત્ય પ્રગટ કરવામાં આવશે. એજ એનો મુખ્ય ઉદ્દેસ્ય રાખવામાં આવ્યો છે. કેટલો સુંદર વિશ્વગ્રાહી વિચાર છે ! તુર્ત ગુરુભકતોએ મેમ્બરોમાં નામ લખાવી કર્ત્તવ્યનું પાલન કરવું યોગ્ય છે.

**બંધુઓ !**

દાદા ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના ભક્તોનાં અનેક વકીલ, બૈરીસ્ટર, જજ, અધિકારી, પ્રોફેસર માસ્ટર એવં પંડિત સજ્જનો પણ છે. તેઓના હાથમાં એક ખાસ સુવર્ણ અવસર પ્રાપ્ત થએલ છે. સ્મારક સમિતિએ જે સ્મારક ગ્રંથ પ્રગટ કરવાની યોજના હાથ ધરી છે. તેના માટે મહત્વપૂર્ણ લેખો આપી પોતાના વિશેષ કર્ત્તવ્યનું પાલન કરશો એવી આશા છે.

અંતમાં ખાસ ભારપૂર્વક જણાવવાનું કે જેવી રીતે જન્મશતાબ્દિ પ્રસંગે વડોદરા શહેરમાં હજારોની સંખ્યામાં પંજાબી ગુરૂભક્તોએ આવી આખા ગુજરાતને ગુંજવી દીધો હતો અને ગુરુભક્તિનો પરિ·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચય આપ્યો હતો તેવીજ રીતે આપ સર્વ ગુરુભક્તો પણ આ શુભ પ્રસંગે આવી ગુજરાંવાલા તથા આખા પંજાબને પોત પોતાના દેશની મધુર વાણીથી ગુંજવી દેશો એવી પૂર્ણ આશા છે.

શાસનદેવ સકલ શ્રી સંઘમાં ઉત્સાહ, બલ અને શુદ્ધ ભાવના બક્ષે એજ ઇચ્છતો વિરમું છું.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય
ગુજરાંવાલા. પંજાબ
તા. ૧૧-૧-૪૭

શ્રી સંઘનો સેવક
**સમુદ્રવિજય**

પ્રકાશક—બાબુ પરમાણંદ જૈન, સેક્રેટરી શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબ ઠેં૦ સૈદ મિઠ્ઠા મુ૦ **લાહોર**–( પંજાબ )

નોટ–કૃપા કરી રૂપીઆ ઉપરના સરનામે મોકલશો

# વર્તમાન સમાચાર.

## પંજાબના વર્તમાન.

સીયાલકોટમાં રાવસાહેબ લાલા કરમચંદજીના આગ્રહથી પંજાબકેસરી આચાર્ય વલ્લભસૂરિજી મહારાજ ચતુર્વિધ સંઘ સાથે માગશર વદ ૩ ના તેઓની કોઠીએ પધાર્યા હતા અને પોષ સંક્રાંતિ ત્યાં ઊજવી હતી. લાલાજીએ સૌનું યોગ્ય સ્વાગત કર્યું હતું. અહિંથી વદ ૯ ના વિહાર કરી ડસકા થઇ પપનાઓ પધારી અઠવાડિયાની સ્થિરતા કરી ત્યાંથી કીલા દેદારસીંગ પધારતા નગરપ્રવેશ ધામધુમથી કરાવ્યો હતો અને રોડી સાહેબ ( સનાતન ધર્મ સભામાં ) લઇ ગયા હતા. ત્યાં આચાર્યશ્રીએ 'ધર્મ' વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. માગશર શુદ ૯ ના રોજ ગુજરાંવાલા પધારતા શ્રી સંઘે ધામધુમપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો હતો. શ્રી આત્માનંદ નિર્વાણાર્ધશતાબ્દિ ગુજરાતી ચૈત્ર વદિમાં ઊજવવા વિચાર છે ત્યાં સુધી અત્રે જ સ્થિરતા થવા સંભવ છે.

# જ્ઞાનગીતા શતક.

( ગતાંક પૃષ્ઠ ૧૦૦ થી શરૂ )

( મનહર છંદ )

જેહ ત્યાગે દુષ્ટ રાગ તેહ થાય વીતરાગ;
રાગ દ્વેષ તણી આગ, અમી જળે ઠારતા.
રાગ દ્વેષ ને અજ્ઞાન, સંસારનું એ નિશાન;
આવે જેને આત્મ ભાન, તેનો નાશ કરતા.
રાગ દ્વેષ વડે ભાય, શુભાશુભ ભાવ થાય;
કર્મ પ્રકૃતિ બંધાય, રસ જેવો જામતાં.
ચિંહુગતીમાં ભ્રમણ, અજ્ઞાન ભાવે રમણ;
મોહરાજાનું ચલણ, દુઃખ અતિ પામતા. ૧૯

દરશન મોહ જાય, સમ્યક્ સુદૃષ્ટિ થાય;
વિવેકથી જાણી ન્યાય, સુમાર્ગે સિધાવતાં.
કષાયોનો ઉપશમ, ગુણસ્થાનકનો ક્રમ;
અહિંસાદી પાંચ યમ, આત્મધર્મ પામતાં.
ચારિત્ર મોહનો જય, ટાળવા સંસાર ભય;
વૃત્તિ વહે આત્મમય, ધર્મ ધ્યાન ધ્યાવતા.
પ્રથમ સમ્યક્ બીજ, સદ્ગુરુ કરી રીઝ;
જાણીને સ્વરૂપ નિજ, સત્પંથે સિધાવતા. ૨૦

શમ સંવેગ નિર્વેદ, આસ્થા અનુકંપા ભેદ,
મિથ્યાત્વનો કરી છેદ, સમ્યક્ત્વ પામતા.
આતમાનું હોવાપણું, નિત્યતાનું જાણપણું;
કર્તા ભોક્તા થવાપણું, મોક્ષ છે તે માનતા.
મોક્ષનો ઉપાય જેહ, પ્રરૂપ્યો જ્ઞાનીએ તેહ;
વિચારે છપદ જેહ, સમકિત કામતા.
ષટ્ દરશન ન્યાય, આ છ પદમાં સમાય;
વિસ્તારથી સમજાય, આત્મસિદ્ધિ વાંચતા. ૨૧

( ચાલુ )

**અમરચંદ માવજી શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પ્રકાશન ખાતું,

૧. **શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )**—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાનપૂર્વક, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર તીર્થની યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબૂકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી યુગબાહુ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ, છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. અનેક સુંદર ચિત્રો, સુંદર બે કલરમાં કવર જેકેટ પાકું બાઈન્ડીંગ શુમારે ચારશેહ પાના. પોસ્ટેજ જુદું ફાગણ માસમાં પ્રગટ થશે.

---

**જલદી મંગાવો. તૈયાર છે. થોડીક નકલો સિલિકમાં છે.**

૨. **શ્રીમહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ**—સતીઓનાં સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આમાં કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. સુંદર-કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઈંડીંગવડે તૈયાર થઇ ગયેલ છે. કિં. રૂા. ૩-૮-૦ પોસ્ટેજ સર્વનું જુદું.

## અમારા છપાતાં સાહિત્ય ગ્રંથો મૂળ તથા ભાષાંતરોના.

૧. શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર મૂળ શ્રી હેમચંદ્રાચાર્ય કૃત પર્વ ૨-૩-૪-૫ વગેરે પર્વ પ્રેસમાં.
૨. બૃહત્ કલ્પસૂત્ર છેલ્લો સંપૂર્ણ ( છઠ્ઠો ભાગ. ) મૂળ-પ્રેસમાં.

---

## અનુવાદ-ભાષાંતરના ગ્રંથો.

૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર (છપાય છે)
૨ શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર. (છપાય છે)
૩ શ્રી કથારત્ન કોષ (થોડા વખતમાં છાપ કામ શરૂ થશે)
૪ શ્રી દમયંતી સતી ચરિત્ર. ( નલાયન ) તૈયાર થાય છે. તેમાં આર્થિક સહાયની જરૂર છે.
૨ શ્રી વસુદેવ હિંડી. ભાષાંતર છપાઇ ગયેલ છે. બાઇન્ડીંગ થાય છે.

---

## સુંદર વાંચવા લાયક ચરિત્રો.
### તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.
### સિલિકે જુજ છે જલદી મંગાવો.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ બીજો | રૂા. ૨-૮-૦ | ૮ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩-૦-૦ |
| ૨ સુમુખ નૃપાદિ કથાઓ | રૂા. ૧-૦-૦ | ૯ ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૩ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨-૦-૦ | ૧૦ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦-૪-૦ |
| ૪ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | રૂા. ૧-૦-૦ | ૧૧ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦-૪-૦ |
| ૫ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨-૦ | | |
| ૬ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦-૮-૦ | | |
| ૭ શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧-૮-૦ | | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમાં સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્દગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે–આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઈ ભાગ્યશાળી પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથ સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે.

---

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિત તે કેમ કરવો તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૨૧૬ પેજમાં છપાય છે. કિંમત રૂા. ૨–૦–૦. અગાઉથી પણ કેટલાક ગ્રાહકો થયેલ છે, જેથી અન્યે વેળાસર અમોને લખી જણાવવું.

---

## શ્રી તત્ત્વનિર્ણયપ્રસાદ ગ્રંથ.

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી ( શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજની કૃતિના અનેક અણુમૂલા ગ્રંથોમાં મોટામાં મોટો અનેક જાણવા જેવી અનેક હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ નથી. અમારી પાસે તેની જુજ કોપી માત્ર આવેલી છે. કિંમત રૂા. ૧૦) દસ. પોષ્ટેજ અલગ.

---

## નીચેના સચિત્ર ચરિત્રો છપાવવાના છે.

૧. **શ્રી અજિતનાથ ચરિત્ર.** ૨. **શ્રી સંભવનાથ ચરિત્ર.** ૩. **શ્રી સુમતિનાથ ભગવાન** અને ૪. **શ્રી શ્રેયાંસનાથ દેવાધિદેવ.** ૫. **શ્રી મુનિસુવ્રતસ્વામી.** પાંચ ભગવંતોના પૂર્વાચાર્યકૃત જીવન ચરિત્રો, સચિત્ર સુંદર રીતે શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર જેવા પ્રકાશન કરવાનો સભા વિચારી રહી છે. કોઇ પણ ઉદાર જ્ઞાનભક્તિના અભિલાષી આવા જ્ઞાનોદ્ધારનાં કાર્યમાં આર્થિક સહાય મળેથી છપાવવાનું કાર્ય શરૂ થશે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only